જાહેરાત, પ્રેસનોટ તેમજ અખબાર મેળવવા માટે સંપર્ક કરો

સમગ્ર ગુજરાતમાં પત્રકારો તેમજ પ્રેસ પ્રતિનિધિઓ નિમવાના છે.

સુરત :- ૧૬૧, શિવઓમનગર, મેરૂ લક્ષ્મી મંદિર રોડ, તાડવાડી, રાંદેર

મો. ૭૫૭૪૮ ૮૮૮૬૧

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર

E-PAPER

● તંત્રી : ધનંજય ઝવેરી ● બ્યૂરો ચીફ : રવિ પટેલ

વિ. સં. ૨૦૭૫ । શુક્રવાર । તા. ૧૮-૦૧-૨૦૧૯ । વર્ષ : ૧૫ । પાના : ૧૦ । છૂટક નકલ : ૩ રૂા. । વાર્ષિક લવાજમ : ૨૫૧ રૂા.

માલિક-મુદ્રક-પ્રકાશક-તંત્રી : ધનંજય ઉમેશચંદ્ર ઝવેરીએ Maruti Printers, 13, Pritam Soc.-1, Nr. Kasak Fuwara, Bharuch ખાતે છપાવી જંગ-એ-ગુજરાત કાર્યાલય - ૧૩, પ્રિતમનગર સોસાયટી-૧, કસક, ભરૂચ-૨ ખાતેથી પ્રસિદ્ધ કર્યું. Registered under R.N.I. NO. GUJGUJ/2004/15636 Permitted to Post at BHARUCH RMS on Date 10, 17, 24, 31 Every Month Under Postal Registration No. : L1/BCH-57/16-18, Valid up to 31-12-2018, Mob. : 99047 33000, 75750 06850, E-mail : jung_e_gujarat@yahoo.com (ન્યાયક્ષેત્ર ભરૂચ કોર્ટને આધિન)

માલિક અને ડાન્સર વચ્ચેનું વેતન સરકાર નક્કી ન કરી શકે,જગ્યાની શરત પણ સુપ્રીમ કોર્ટે રદ કરી

સુપ્રિમ કોર્ટનો મહત્ત્વપૂર્ણ નિર્ણય: મુંબઈમાં ફરીવાર ખૂલશે ડાન્સબાર

ન્યુ દિલ્હી

ડાન્સ બાર વિશે મહારાષ્ટ્ર સરકાર દ્વારા બનાવવામાં આવેલા કાયદા વિશે સુપ્રીમ કોર્ટે આજે મહત્વનો નિર્ણય આપ્યો છે. સુપ્રીમના નિર્ણય પ્રમાણે હવે મુંબઈમાં ફરી ડાન્સ બાર ખુલી શકશે. કોર્ટે શરતો સાથે ડાન્સ બાર ખોલવાની મંજૂરી આપી દીધી છે. આ પહેલાં સુપ્રીમ કોર્ટે નિર્ણય સુરક્ષીત રાખ્યો હતો. કોર્ટમાં સુનાવણી દરમિયાન મહારાષ્ટ્રની ફડણવીસ સરકારે કહ્યું હતું કે, નવો કાયદો બંધારણની સીમામાં આવવાની સાથે સાથે ગેરકાયેદસર ગતીવિધિઓ અને મહિલાઓના શોષણને પણ રોકે છે.

સુપ્રીમ કોર્ટે તેમના ચુકાદામાં કહ્યું છે કે, ડાન્સ બારમાં હવે પૈસાનો વરસાદ કરી શકાશે નહીં. તે ઉપરાંત ડાન્સ બાર વિસ્તારમાં સીસીટીવી કેમેરાની જરૂર પણ નથી. કારણે કે આ લોકોની પ્રાઈવેસીનો સવાલ છે. આ ઉપરાંત સુપ્રીમ કોર્ટે કહ્યું છે કે, વર્ષ ૨૦૦૫ પછી સરકાર દ્વારા એક પણ ડાન્સ બારનું લાઈસન્સ ઈશ્યૂ કરવામાં આવ્યું નથી. હાલના નિયમોના આધાર પર ડાન્સ બાર પર સંપૂર્ણ પ્રતિબંધ લગાવી શકાય નહીં. ગયા વર્ષે ૩૦ ઓગસ્ટે દરેક પક્ષની દલીલ સાંભળીને સુપ્રીમ કોર્ટે તેમનો નિર્ણય સુરક્ષીત રાખ્યો હતો.

સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટે કહ્યું છે કે, બાર ડાન્સરોને અલગથી ટીપ આપી શકાશે પરંતુ તેમના પર નોટ કે સિક્કા ઉછાળી શકાશે નહીં. મુંબઈમાં ડાન્સ બારને સાંજે ૦૬.૩૦થી રાતે ૧૧.૩૦ વાગ્યા સુધી ખુલ્લા રાખવાની મંજૂરી આપવામાં આવી છે. ડાન્સ બાર માલીકોએ રાતે દોઢ વાગ્યા સુધી ડાન્સ બાર ખુલ્લા રાખવાની મંજૂરી માંગી હતી પરંતુ તે સુપ્રીમ કોર્ટે માન્ય રાખી નથી.



મહારાષ્ટ્ર સરકારે ડાન્સરોને ફિક્સ વેતન મળી શકે તે માટે પણ એક નિયમ બનાવવાની વાત કરી હતી. પરંતુ સુપ્રીમ કોર્ટે તે રદ કરીને કહ્યું કે, ડાન્સર અને માલિક વચ્ચે વેતન ફિક્સ ન હોવું જોઈએ. વેતન નક્કી કરવાનો અધિકાર સરકારનો નથી પરંતુ આ માલિક અને ડાન્સર વચ્ચે આંતરિક કોન્ટ્રાક્ટનો મામલો છે.

મહારાષ્ટ્ર સરકારે સ્કૂલ-કોલેજ અને ધાર્મિક સ્થળથી ઓછામાં ઓછા ૧ કિમી દૂર ડાન્સ બાર રાખવાનો નિયમ જણાવ્યો હતો જેને સુપ્રીમ કોર્ટે રદ કર્યો છે. સુપ્રીમ કોર્ટે સુનાવણીમાં કહ્યું છે કે, ડાન્સ બાર એરિયા અને ગ્રાહકોની વચ્ચે અંતર ન હોવું જોઈએ અને શહેરની ગીચતા જોઈને આ નિયમનું પાલન શક્ય પણ નથી. સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટે અશ્લીલતાની વ્યાખ્યા પણ બદલી છે. રાજ્ય સરકારે ડાન્સ બારમાં ગ્રાહકો અને બાર ડાન્સરો વચ્ચે ૩ ફૂટ ઉંચો બેરિકેડ બનાવવાની વાત કરી હતી. જેથી ગ્રાહક ડાન્સ જોઈ શકે પરંતુ તેમના સુધી પહોંચી શકે નહીં. પરિણામે અશ્લીલતાનો સવાલ ઉભો થાય નહીં. આ વિશે કોર્ટે સુનાવણી દરમિયાન કહ્યું છે કે, હવે સમાજ લિવ-ઈન સંબંધોને પણ સ્વીકારતો થઈ ગયો છે ત્યારે બાર ડાન્સર અને ગ્રાહકોવચ્ચેબેરિકેડ ઉભો કરવાની વાત યોગ્ય નથી.

ડાન્સ બારમાં શું કરી શકાશે અને શું નહીં કરી શકાયઃ-

● ડાન્સ બારમાં એરિયા અને ગ્રાહકોની વચ્ચે દિવાલ હશે નહીં. સરકારે નિયમ નક્કી કર્યો હતો કે ગ્રાહક અને ડાન્સરોની વચ્ચે એક ૩ ફૂટ ઊંચી દિવાલ બનાવામાં આવે, જેનાથી ડાન્સ તો જોઈ શકાશે પરંતુ તેમના સુધી પહોંચી શકાશે નહીં. ● મુંબઈ જેવા ક્ષેત્રમાં ધાર્મિક જગ્યાએથી એક કિલોમીટરના અંતરથી દૂર ડાન્સ બાર હોવાનો નિયમ તર્ક સંગત નથી. ● ગ્રાહક ડાન્સરોને ટિપ આપી શકે છે, પરંતુ રૂપિયા કે સિક્કા ઉછાળી શકશે નહીં ● કોર્ટે કહ્યું કે ડાન્સર અને માલિકની વચ્ચે ફિક્સ પગાર યોગ્ય નથી. આ અધિકાર સરકારનો નથી પરંતુ માલિક અને ડાન્સરની વચ્ચેના કોન્ટ્રાક્ટનો મામલો છે. ● કોર્ટે કહ્યું કે સાંજે ૬.૩૦ થી ૧૧.૩૦ સુધી જ બાર ખોલવાની મંજૂરી હશે. ● કોર્ટે ડાન્સ બારમાં સીસીટીવી લગાવાના નિયમને પણ રદ કરી દીધો

પત્રકાર રામચંદ્ર છત્રપતિ હત્યા કેસ: રામ રહીમને આજીવન કેદની સજા

ચંડીગઢ

પત્રકાર રામચંદ્ર છત્રપતિની હત્યા કેસમાં દોષી કરાર આપવામાં આવેલા ડેરા સચ્ચા સૌદાના પ્રમુખ ગુરમીત રામ રહીમને કોર્ટે આજીવન કેદની સજા ફટકારી છે. રામ રહીમ સહિત અને ત્રણ દોષીતોને પણ કોર્ટે આજીવન કેદની સજા ફટકારી છે. દોષિતોને વીડિયો કોન્ફરન્સથી સજા સંભળાવવામાં આવી હતી. સજા સંભળાવવાની શરૂઆત થઈ ત્યારે રામ રહીમ બે હાથ જોડીને ઉભો રહ્યો હતો. જજમેન્ટ સાંભળતા જ તેના ચહેરા પર ચિંતા છવાઈ ગઈ હતી. જજની સામે રામ રહીમના વકીલે દયાની અપીલ કરી હતી. આ પહેલા હરિયાણા સરકાર તરફથી ડિસ્ટ્રિક્ટ એટર્ની તરફથી વીડિયો કોન્ફરન્સથી સજાની સુનાવણી કરવાની અરજીને હરિયાણાની ખાસ સીબીઆઈ કોર્ટે મંજૂર રાખી હતી.

કોઈ નારાજગી નથી,કોંગ્રેસે અફવા ફેલાવી છે હું હંમેશા ધીરે ચાલતો હોવાથી પાછળ રહી જાઉં છું: નીતિન પટેલ

ગાંધીનગર

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગાંધીનગર ખાતે હેલીપેડ ગ્રાઉન્ડ ખાતે યોજાયેલા ગ્લોબલ ટ્રેડ શોનું ઉદઘાટન કર્યું હતું. આ ટ્રેડ શો બે લાખ ચોરસ મીટરના વિસ્તારમાં પથરાયેલો છે જેમાં રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કંપનીઓના બારસોથી વધારે જુદા-જુદા સ્ટોલ છે. ઉદ્ઘાટન બાદ વડાપ્રધાને જુદા જુદા સ્ટોલની મુલાકાત લીધી હતી. તેમની સાથે મુખ્યમંત્રી વિજય રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ સાથે જોડાયા હતા. કાફલા સાથે વડાપ્રધાન એક-એક સ્ટોલની મુલાકાત લઈ રહ્યા હતા. તેમની પાછળ જ મુખ્યમંત્રી રૂપાણી અને સલામતીનો સ્ટાફ ચાલતો હતો. પરંતુ નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ ગાયબ થઈ ગયા હતા. જોકે તેઓ અમુક સમયે મુખ્યમંત્રીની પાછળ નજરે પડ્યા હતા. ટ્રેડ શોના ઉદઘાટન કાર્યક્રમ બાદ નીતિન પટેલે મીડિયા સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, 'હું ધીરે ચાલતો હોવાથી પાછળ રહી ગયો હતો.'

વૉશિંગ્ટન પોસ્ટ ન્યૂઝ પેપરની બોગસ આવૃત્તિની વ્યસ્ત વિસ્તારોમાં વહેંચાણ થયુ

ડોનાલ્ડ ટ્રમ્પે રાજીનામું આપ્યુ...!!!, વ્હાઈટ હાઉસ બહાર અખબાર વહેંચાયા

વૉશિંગ્ટન

અમેરિકામાં બુધવારે રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના રાજીનામાની અફવા વહેતી થતા અનેક તર્કવિતર્ક ઊભા થયા હતા. તેને લઈને અમેરિકા સહિત દુનિયાભરમાં ટ્રમ્પ વિરોધી લોકોએ ઉજવણી કરવાનું શરૂ કર્યું હતું. હકીકતમાં બુધવારે અમેરિકામાં 'વૉશિંગ્ટન પોસ્ટ' ન્યૂઝ પેપરની બોગસ આવૃત્તિની વ્હાઈટ હાઉસની આસપાસ અને વૉશિંગ્ટનના વ્યસ્ત વિસ્તારોમાં ખુલેઆમ વહેંચાણ થયું હતું. તેમાં દાવો કરાયો કે અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે રાજીનામું આપ્યું છે. મૂળ સમાચાર પેપરની આવૃત્તિ જેમ જ તેને રજૂ કરાયું અને તેમાં ૬ કોલમમાં મોટું શીર્ષક આપવામાં આ ા ૯ ય ુ ં - UNPRESIDENTED Trump hastily departs White House, ending crisis.

આ લીડ ન્યૂઝમાં ૪ કોલમમાં અમેરિકન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પનો ફોટો મુકવામાં આવ્યો, જેમાં તેઓ માથું નીચે ઝુકાવીને પરેશાન નજરે પડી રહ્યા છે. સમાચાર પેપરમાં ૧૪મું સ્કેઅ ૨૦૧૯ તારીખ પણ હતી. સમાચાર એજન્સી ભાષા મુજબ પેન્સિલવેનિયા એવેન્યુ અને વ્હાઈટ હાઉસ બહાર આ ન્યૂઝ પેપર વહેંચી રહેલી એક મહિલાએ કહ્યું કે વૉશિંગ્ટન પોસ્ટનું આ વિશિષ્ટ સંસ્કરણ મેળવો. તે મફત છે. તમને આ ક્યારેય નહીં મળી શકે. મહિલા પ્લાસ્ટિક બેગમાં ન્યૂઝ પેપરનું બંડલ રાખીને ત્યાંથી પસાર થતા લોકોને પેપર આપી રહી હતી.

મોબાઈલના વપરાશથી સાવધાન

આપના મોબાઈલ ફોનમાંથી નીકળતા રેડીયેશનથી મગજ, કાન, આંખ, ગળા, હૃદય ને થતાં નુકસાનથી બચવાની એન્ટી રેડીએશન ચિપ આપના મોબાઈલ પર લગાડી આપ રોગ મુકત રહો તેમજ તેના બિઝનેસમાં એજન્ટ બની ઓછા રોકાણથી મહેનત મુજબ માસિક ૫૦૦૦ કે તેથી વધુ કમાવા ફોન કરો. (ડોકટર પાસેથી સેલ્સ-માર્કેટિંગ કરતા મિત્રો, મોબાઈલ રીપેરીંગ કરનાર, બિ-પેક સિમકાર્ડ વેચનાર કે નાના દુકાનદારો મોબાઈલ એન્ટી રેડિએશન ચિપ વેચી વધુ કમાવા અચૂક ફોન કરે)

MARKET4U
BHARUCH - SURAT
market4u.in
7575006850
ZAVERI

રાષ્ટ્રીય સેવા ટ્રસ્ટ

(રજી.ગુજ/૧૩૧૪/ભરૂચ/૨૦૧૧)માં જોડાઈ ઓળખપત્ર મેળવી સમાજસેવા કરવા આધાર પુરાવા સાથે જોડાવા રૂબરૂ મળો અથવા ફોન કરો

75750 06850

રાષ્ટ્રીય સેવા ટ્રસ્ટના સભ્યોએ જનસેવા અને જન સુખાકારી માટેના કાર્યો કરવાના રહેશે.

(૧) લોકજાગૃતિના કાર્યો જેમ કે ગરીબ કે મધ્યમ વર્ગને મળતું રાહત દરના અનાજની યોગ્ય વહેંચણી. બીપીએલ/એપીએલ કાર્ડની યોગ્ય ફાળવણી અને જરૂર જણાય સરકારમાં રજુઆતો કરવી.
(૨) રસ્તા અને શહેરની સફાઇનું અમલીકરણ, કચરાનો યોગ્ય સમયે યોગ્ય સ્થળે નિકાલ.
(૩) બાગ-બગીચાની સારસંભાળ.
(૪) શાળાઓ દ્વારા રાઇટ ટુ એજ્યુકેશનના અમલીકરણ, શાળામાં રમત-ગમતનું મેદાન હોવું જરૂરી. છોકરા-છોકરીની અલગ મૂતરડી હોવી ફરજીયાત. ફાયર-ફાઇટીંગના સાધનો ફરજીયાત હોવા જરૂરી. ડોનેશન પ્રથા નાબુદી. ગણવેશ, ચોપડા ખરીદી પર થતા વેપારને સેકવો. વિષયો પ્રમાણે ક્વોલિફાઇડ શિક્ષકો હોવા. વિગેરે બાબતોનું ધ્યાન રાખી રખાવી શિક્ષણ વ્યવસ્થા સુધારવી.
(૫) જનજાગૃત્તિ વિશે જાગૃતિ દ્વારા સરકારી યોજનાઓની નાગરિકોને જામ કરવી. આવી સરકારી યોજનાઓનો લાભ ગરીબ મધ્યમ વર્ગને અપાવામાં મદદરૂપ થવું જરૂર જણાય સરકારમાં રજુઆત કરવી. ઇન્દિરા આવાસ, સરદાર આવાસ જેવી યોજનાઓમાં યોગ્ય ફાળવણી કરાવવી.
(૬) રક્તદાન, આંખોનું દાન, અંગદાન વિશે જાગૃતિ લાવી પ્રેરણા પુરી પાડવી.
(૭) સમાજમાં ભાઇચારા અને વિશ્વબંધુત્વની લાગણીનો વિકાસ કરવો. સમાજ અને દેશ પ્રતિ નિષ્ઠા કેળવવી.
(૮) વાતાવરણ વૃક્ષની જાળવણી અને પર્યાવરણની જાળવણી કરવી-કરાવવી.
(૯) ચૂંટણી સમયે યોગ્ય પ્રતિનિધિની પસંદગી કરવી. યોગ્ય સરકારની રચનામાં મદદરૂપ બનવું.
(૧૦) નાગરિક ઘડતરના કામમાં તત્પર રહેવું. નાગરિકની આવક વધે તેવા સેવા કાર્યો કરવા. વિધવા સહાય જેવા સરકારી યોજનાઓનું યોગ્ય અમલીકરણ કરાવવું. આપત્તિ સમયે એક જુથ થઇ સમાજ અને દેશને મદદરૂપ થવું વિગેરે કાર્યો કરવા તેમજ કરાવવા.

: જોડાવવા માટેની જરૂરી વિગતો :
નામ, સરનામું, પિનકોડ, જન્મ તારીખ, સ્ત્રી-પુરૂષ, બેંકનું નામ, બેંક ખાતા નંબર, આઇ.એફ.એસ. કોડ, પાન કાર્ડ નંબર, મોબાઇલ નંબર, વારસદારનું નામ, વારસદાર સાથેનો સબંધ.

સર્વિસ પ્રોવાઈડર નિમવાના છે

MARKET4U (રજી.) કંપની ને પોતાના જાહેરાત,મેરેજ, લગ્ન ના ઓન-લાઈન પ્લેટફોર્મ ની સેવાઓ માટે ગુજરાત ના તમામ જિલ્લા, શહેર અને તાલુકા લેવલે જરૂરિયાત મુજબ મૂડી રોકાણ (રૂપિયા ૫૫૦૦/- કે તેના ગુણાંક માં) કરી ગ્રાહકોને સેવા આપી શકે તેવા સર્વિસ પ્રોવાઈડર તાત્કાલિક ધોરણે પહેલાં ના ધોરણે નિમવાના છે. ઈચ્છા ધરાવતા વ્યક્તિઓ સંપર્ક કરે. (નફાનું ધોરણ રોકાણ અને વેચાણ મુજબ ૧૦% થી ૨૮% રહેશે. કંપની જાહેરાત પોતે કરી આપશે)

7575006847, 7575006848
7575006850 (વોટ્સએપ) સમય 10am to 5pm

આવતી કાલે રવિવારે શોરૂમ ખુલ્લો રહેશે

Parag SAREES & DRESS MATERIALS

સેલ 30% ડિસ્કાઉન્ટ

3 સાડી નેન્સી ₹330
3 સાડી અલાયેલી વર્કાઉ સાથે ₹450
3 કોટન ફ્રેંચ મટીરીયલ દુપટ્ટા સાથે ₹999

પરાગ હાઉસ, ઉધના દરવાજા, રીંગ રોડ, સુરત. Mo. : 98251 00702

CONNECTINDIANS MARKET4U

ખુશખબર... ખુશખબર... ખુશખબર...

CONNECTINDIANS એટલે કે ભારતીયોને જોડવા

આજકાલ સમાજમાં ભણતા પૈસા ધિરાણ દેવામાં નાગરિકોની ઓછી આવક અને અસહ્ય મોંઘવારી, બેરોજગારી, બિનજરૂરી ખુર્દ્રા પ્રસંગો કરતો સમાજના મધ્યમ વર્ગને જુનવા જુનવામાં વધુ મુકેલીઓનો સામનો કરવો પડે છે ત્યારે CONNECT INDIANSના માર્ગદર્શી Market4U દ્વારા નાગરિકોની સગવડ, લોકોની સાથે પોતાના સંધા ધિરાણના માટે જાહેરાતની સમસ્યામાં મદદરૂપ થવાનો નમ્રમ પ્રયાસ કર્યો છે.

તો આવો તો ભારતીયો એકબીજાને સાથે જોડવાં લગ્ન, નોકરી અને જાહેરાત જેવી મૂળભૂત જરૂરીયાત પૂરી કરવા CONNECT INDIANSના માધ્યમ સાથે જોડાઈએ અને અમારો આ મિશે સમજણ સાથે સાથે જોડી સામાજિક અને આર્થિક સમાનતાને ઉત્તેજન મેળવી ખરાબ સહયોગ આપી સમૃદ્ધ ભારતની રચના કરીએ.

CONNECT INDIANSમાં જોડાવું સરળ છે.

અહીં આપને લગ્નની જોડી, નોકરી મેળવવા ઉમેદવારોની જોડી, પોતાના ધંધાની જાહેરાત કરવી. આ બધી વિગો વાર્ષિક ફી માત્ર રૂ. ૨૨૦૦/- જ છે અને તે પણ હપ્તેથી. ગ્રાહકનામાં માત્ર રૂ. ૫૫૦/- ભોકવા માટે ભારતના ત્યારબાદ અમારી જોડી આપેલ ઓનિયમથી ઉમરીના ક્રમમાં મુજબ લગ્ન અમારામાંથી સુરક્ષણ પણ, જે માટે તમારી દરમિયાન કોમ્પ્લેટ પસંદ કરવા અમારા સંપર્ક કરવો.

તો આવો જી સાથે મળી સમાજીકરણનું ઉજવણ નિર્માણ કરીએ.

MARKET4U દ્વારા પ્રસ્તુત CONNECTINDIANS ની લગ્ન, નોકરી અને જાહેરાતની વેબસાઈટ વાપરો

અને મહેનત મુજબ પાર્ટ ટાઇમ- ફુલ ટાઇમ કામ કરી અન્યોને CONNECTINDIANS સાથે જોડી કમાવાની અમૂલ્ય તક આપો

Http://www.connectindians.in

આ MARKET4U ની વેબસાઈટ છે જ્યાં

૧. આપ નોકરી શોધી શકો છો.
૨. લગ્ન ઇચ્છુક નોંધણી કરાવી શકો છો.
૩. આપ આપની જાહેરાત કરી શકો છો.
૪. અન્યોને આપની સાથે જોડી આપની જોડવા તમામ મેળવી આપના તમારા પેકમાંથી

(PLAN - A)
લાઈફ પર્યન્ત/- (એકવો જોડવી કરવી)
આપને કોઇ પણ વર્ષ સુધી લીધુ કરી શકશે.
પેના માટે આપે ગ્રાહકનામાં ૫૫૦/- ભરવાના રહેશે.

(PLAN - B)
ફ્રીજ પણ વર્ષ માટે ૨૨૦૦/- (એકવો જોડવી કરવી)
આપને કોઇ ફ્રીજ પણ વર્ષ માટે લીધુ કરી શકશે.
કોઇ પણ વર્ષ માટે મોટર વહીકલ ડિવાઇસ (GPS) ફી મેળવો
પેના માટે આપે ગ્રાહકનામાં ૩૩૦૦/- ભરવાના રહેશે.
આપને કોઇ લીધુ કરવી હપ્તો ક્યારેની તક કરવી લો.

માત્ર ૫૫૦/-માં PLAN - A		માત્ર ૩૦૦૦/-માં PLAN - B	
LEVEL	INCOME	LEVEL	INCOME
1st	80/-	1st	600/-
2nd	60/-	2nd	400/-
3rd	50/-	3rd	300/-
4th	40/-	4th	200/-
5th	30/-	5th	100/-
		6th	50/-



સમગ્ર ગુજરાતમાં ખુબ જ ઓછા મૂડી રોકાણે વહેલા તે પહેલાનાં ધોરણે માત્ર ૧૦૦ જ એજન્ટ નીમવાના હોય

તાત્કાલિક સંપર્ક કરો
ધનંજય ઝવેરી 7575006847-48
શરદ જાદવ 7575006849
રવિ પટેલ 7574888860
અશોક મોદી 7016046096

13, Pritam Nagar Society No.1, Kasak, Bharuch. Mo. +91 75750 06850

connectindians1@gmail.com



નવી સિવિલ હોસ્પિટલ ગેટ પાસેથી આજે સુરત મહાનગર પાલિકાના દબાણ વિભાગ દ્વારા વધુ એક વખત ગેરકાયદે દબાણ કરનાર લારી-ગલ્લાઓ જપ્ત કરવામાં આવ્યા હતા.

હળપતિ યુવા વિકાસ મંડળ દ્વારા ૧૨'મો રક્તદાન શિબિર યોજાયો

સુરત

હળપતિ યુવા વિકાસ મંડળ (સુચિત) ગોપીપુરા સુરત દ્વારા બારમો રક્તદાન શિબિરનું આયોજન તા.૬-૧-૨૦૧૯ રવિવારે સવારે ૧૦ કલાકે સર્વોદય નગર પછાત વર્ગ સોસાયટી હોમિયોપેથિક કોલેજ પાછળ ઉધના મગદલ્લા રોડ સુરત ખાતે કરવામાં આવ્યું હતું. જેમાં સુરત મહાનગરપાલિકાના વોર્ડ નં.૧૯ના કોર્પોરેટર કિશોરીબેન રાજેન્દ્રભાઈ કાપડીયા તથા રીનાબેન પટેલ સર્વોદય સોસાયટીના મંત્રી તરફથી શિબિરનું ઉદ્‌ઘાટન દીપ પ્રાગટ્ય કરીને ખુલ્લી મુકવામાં આવી હતી. જેમાં દીપ પ્રાગટ્યમાં ખાસ મહેમાનો દક્ષિણ ગુજરાત હળપતિ સમાજના પ્રમુખ મગનભાઈ રાઠોડ, મંત્રી ભરતભાઈ રાઠોડ, ઉપપ્રમુખ ભરતભાઈ રાઠોડ, માજી પ્રમુખ શ્યામલાલભાઈ રાઠોડ, માજી પ્રમુખ બાબુભાઈ રાઠોડ, માજી ઉપપ્રમુખ રમેશભાઈ રાઠોડ, દીપ પ્રાગટ્યમાં ખાસ ભાગ લીધો હતો.

કિશોરીબેન કાપડીયા દ્વારા માનવ જીંદગી બચાવવા માટે ખૂબ જ સારૂ કાર્ય છે. રક્તદાન એ મહાદાન છે અને સ્વૈચ્છીક રક્તદાતાઓને બિરદાવ્યા હતા તથા મગનભાઈ રાઠોડ તથા ભરતભાઈ રાઠોડે ૧૨માં રક્તદાન બાબતે શુભેચ્છા પાઠવી હતી અને કાર્યને સદા આગળ વધારતા રહો એવી આશા વ્યક્ત કરી હતી. આ શિબિરમાં સર્વોદય સોસાયટીના ઉપપ્રમુખ બાબુભાઈ જી. પટેલ, માજી પ્રમુખ અરવિંદભાઈ ચાહવાલા, સુમનભાઈ પટેલ, એસ.એસ. ગ્રુપના સભ્ય હસમુખભાઈ રાઠોડ, મનોજભાઈ રાઠોડ, કિરણભાઈ રાઠોડ, મયુરભાઈ રાઠોડ, અક્ષયભાઈ રાઠોડ, અલ્પેશભાઈ પટેલ તથા અન્ય સભ્યોએ સેવા આપી હતી.



વનિતા વિશ્રામ સંચાલિત વનિતા વિશ્રામ વિમેન્સ કોલેજ ઓફ કોમર્સમાં ઉડીશા અંતર્ગત કોલેજની વિદ્યાર્થિનીઓ દ્વારા આચાર્યા ડો. અભિલાષા અગ્રવાલના માર્ગદર્શન હેઠળ "એન્ટરપ્રેન્યોરશિપ વિક" ની ઉજવણી કરવામાં આવી હતી. આ આયોજનનો મુખ્ય હેતુ વિદ્યાર્થિનીઓમાં એન્ટરપ્રેન્યોરિઅલ સ્કીલ્સ વિકસવાનો હતો.

પાટણ જિલ્લામાંથી ચોરેલી ગાડી સાથે બેને ઝડપી પાડતી ખેરાલુ પોલીસ

આજરોજ પોલીસ અધિ.મેહસાણા તથા નાયબ પોલીસ અધિ. વિસનગર નાઓની સુચના મુજબ અમો એન કે પરમાર ઈન્ચાર્જ પોલીસ ઈન્સપેકટર ખેરાલુ પોલીસ સ્ટેશનનાઓ તથા અહેડકોન્સ વિજયકુમાર મહેશભાઈ બકલ નંબર ૫૬૨ તથા અપોકો કાનજીભાઈ વિરમાભાઈ બકલ નંબર ૬૧૧ વિગેરે પોલીસના માણસો ખેરાલુ ટાઉનમાં શીતકેન્દએ વાહન ચેકીંગમાં હતા દરમ્યાન એક વાહન નંબર વગરની અલ્ટોગાડી (જી જે૦૮ એક ૯૨૬૭ ની લઈ આવતાં તેમાં બે માણસો બેઠેલ હોઈ તેઓની પુછપરછ કરતાં આ બંને જણાઓએ પોતાના નામ ગૌસ્વામી જીતેન્દ પુરી ૫/૦ બાબુપુરી સોમપુરી ઉ.વ. ૩૫ ધધો વેપાર રહે.દીયોદર શ્રી નાથજી સોસાયટી શીહોરી રોડ મકાન નંબર ૯ તા.દિયોદર જિલ્લો બનાસકાંઠા મુળ રહે. રખીયાણા તા.માંડલ જિલ્લો અમદાવાદ તથા ગૌસ્વામી ભાવેશપુરી મહેશપુરી કેશરપુરી રહે હાજીપુર તા.જિ પાટણ વાળાચો હોવાનુ જણાવેલ છે અને તેઓ લઈને આવેલ અલ્ટોગાડી બાબતે બંનેની પુછપરછ કરતાં આ વાહન બંને જણાએ ભેગા મળી ગઈકાલ તા.૧૬/૦૧/૧૯ નારોજ કલાક ૨૩/૩૦ વાગે અનાવાડા તા.જિ પાટણ ગામેથી ગોસ્વામી અસ્વીનગીરીના ઘરેથી ચોરી કરેલાની કબુલાત કરેલ છે જે વાહન કિમત રૂપિયા ૧,૨૫,૦૦૦/૦૦ તથા બે મેબાઈલ કિમત રૂપિયા ૧૦૦૦/૦ ના મળી કુલ રૂપિયા ૧,૨,૦૦૦/૦૦ નો મુદામાલ હસ્તગત કરવામાં આવેલ છે.

આરોપી નંબર-૧ નો અગાઉ પાટણ જિલ્લાના પાટણ એ.ડી પો.સ્ટે. તથા વિજાપુર પો સ્ટે. માં વાહન ચોરીમાં પકડાયેલ છે.

અંકલેશ્વર પાલિકાના શાસકોએ નવી નગરી રોડ કામનું ખાતમુહૂર્ત કર્યું

આદિવાસી નેતાઓના રોજ થતા રસ્તાના કામનું આખરે મુહૂર્ત નીકળ્યું

અંકલેશ્વર

આખરે વર્ષો બાદ અંકલેશ્વર પાલિકાના શાસકોને નવી નગરીના બિસ્માર રોડ દેખાયો છે. ગુરૂવારના રોજ આ રોડ નવો બનાવવાના કામ અંગે ખાતમુર્હૂત વિધિ યોજાઈ હતી.

અંકલેશ્વર ઓએનજીસી વર્કશોપની સામેથી થઈને નવી નગરીના મુખ્ય માર્ગને જોડતો રસ્તો છેલ્લા ઘણાં વર્ષોથી બિસ્માર હાલતમાં હતો. આ અંગે સ્થાનિક રહીશોથી લઈ સત્તાધીશ ભાજપાના જ આદિવાસી આગેવાનો અને કાર્યકર્તાઓએ વારંવાર રજૂઆત કરી હતી. જોકે, શાસકો આ તરફ સદાયે ઉપેક્ષિત વલણ જ દાખવ્યું હતું. શાસકોના આપખુદ અને મનસ્વી વર્તનના પગલે ભાજપા આદિવાસી મોરચાના કેટલાય હોદ્દેદારોએ રાજીનામાં પણ ધરી દીધા હતા. જયારે કે વોર્ડના ભાજપાના પૂર્વ પાલિકા સભ્ય અને આદિવાસી મોરચાના આગેવાન નવીન વસાવાએ પણ રાજીનામું ધરી દીધું હતું. જોકે પાછળથી તેમને મનાવી લેવાયા હતા. હવે શાસકોએ આ માર્ગને રૂ.૨૫ લાખના ખર્ચે આરસીસીનો બનાવવાના કામને મંજૂરી આપ્યા બાદ ગુરૂવારના રોજ આ રોડની ખાતમુર્હૂતવિધિ યોજાઈ હતી.

બારડોલી-ધુલિયા રોડ પર વાહન અકસ્માતમાં સુરતના કોન્ટ્રાક્ટર સહિત બેના મોત

સુરત

બારડોલી-ધુલીયા નેશનલ હાઈવે પર એસટી બસ અને બાઈક વચ્ચે આજે સવારે ૯ કલાકે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. જેમાં બાઈક સવાર બેનાં ઘટના સ્થળે જ મોત નિપજ્યા હતા. ઘટનાની જાણ થતા પોલીસ પણ ઘટના સ્થળે જઈ તપાસ શરૂ કરી હતી.

સુરતના વરાછામાં આવેલી કાપોદ્રા સોસાયટીમાં કનુભાઈ દેવરજીભાઈ રાદડિયા (ઉ.વ.૫૦) પરિવાર સાથે રહેતા હતા. અને કોન્ટ્રાક્ટર તરીકે કામ કરતા હતા.બારડોલી નગર પાલિકાના ડંપિંગ સ્ટેશનમાં પ્રોટેક્શન વોલનું કામ કરતા હતા. ડીઝલ લેવા માટે બાઈક (GJ-05-SB-7657) પર ડીઝલ પમ્પ પર કનુભાઈ એક મજૂર અજીતભાઈ ગામીત(ઉ.વ. ૪૫. રહે. ગોડ આમલી ગામ તા.નાવપુર જી. નંદુરબાર મહારાષ્ટ્ર) જતા હતા. દરમિયાન બારડોલી-ધુલીયા હાઈવે પર બ્રિજ ક્રોસ કરી રોંગ સાઈડમાં કસ્તુરી હોટલની સામેથી આવતી એસટી બસ સાથે અકસ્માત થતા બંનેના ઘટના સ્થળે મોત થયા હતા.

બારડોલી-ધુલીયા હાઈવે પર અકસ્માતની ઘટનાની જાણ થતા પોલીસ દોડી આવી હતી. જોકે, સુરત-ઉકાઈ એસટી બસ (GJ-18-Y-1182)નો ડ્રાઈવર અને કંડક્ટર ઘટના સ્થળે બસ છોડીને ફરાર થઈ ગયા હતા. વધુ તપાસ બારડોલી પોલીસ કરી રહી છે.

મોટરીગ પબ્લિક વાહનો માટે પસંદગીના નંબરો મેળવી શકાશે

સુરત

સુરતના પાલ સ્થિત આરટીઓ દ્વારા મોટરીગ પબ્લીક સગવડતા માટે જીજે૦૫ સિરીઝના ૧ થી ૯૯૯૯ માટેના પસંદગીના નંબરોની ઓનલાઈન હરાજી કરવામાં આવશે. ઓનલાઈન હરાજીની અરજી તા.૨૧/૦૧/૨૦૧૯ થી તા.૨૪/૦૧/૨૦૧૯ દરમિયાન કરી શકાશે. જેમાં http://parivahan.gov.in/fancy પર ઓનલાઈન ફોર્મ ભરી રજિસ્ટ્રેશન કરી પસંદગીના નંબરો મેળવવા ઈચ્છુક વાહન માલિકો ભાગ લઈ શકશે. હરાજીનું બિડિંગ તા.૨૪/૦૧/૧૯ ના રોજ બપોરે ૨.૦૦ વાગ્યાથી તા.૨૫/૦૧/૨૦૧૯ ના રોજ બપોરે ૨.૦૦ વાગ્યા સુધી ઓપન થશે. અરજદારોએ સાત દિવસમાં ઓનલાઈન સી.એન.એ. ફોર્મ સબમિટ કરવાનું રહેશે. જો આ ફોર્મ રજૂ નહિ કર્યું હોય તો નંબરની ફાળવણી કરવામાં નહિ. વાહનના સેલ લેટરમાં સેલ તારીખથી ૬૦ દિનની અંદરના જ અરજદારો હરાજીમાં ભાગ લઈ શકશે. સમયમર્યાદાની બહારની અરજીઓ રદ કરવામાં આવશે તેમ પ્રાદેશિક વાહનવ્યવહાર અધિકારીની યાદીમાં જણાવાયું છે.

પીસીબીએ દારૂ ભરેલી મોટર કાર ઝડપી પાડી

પીસીબી પોલીસે વિદેશી દારૂની ૧૧૫૨ બોટલ ભરેલી કાર ઝડપી પાડી હતી. પીસીબીએ એકની ધરપકડ કરી જ્યારે કારચાલક ભાગી છૂટો હતો. પીસીબી પોલીસે બાતમીના આધારે વેડરોડ સુમન કુંજ આવાસ પાસેથી કાર નં. જીજે-૦૫-બીએક્સ-૨૮૯૨ ને આંતરી ઝડતી લેતા આ કારમાંથી રૂપિયા ૧,૪૩,૦૪૦ની કિંમતનો ભારતીય બનાવટની વિદેશી દારૂ મળી આવ્યો હતો. પી.સ.બી. પોલીસે દારૂ, કાર, એક મોબાઈલ ફોન મળી કુલ્લે ૩,૯૩,૫૪૦નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

અમરેલી ખાતે શાળા આરોગ્ય કાર્યક્રમ અંતર્ગત વક્તૃત્વ અને ચિત્ર સ્પર્ધા યોજાઈ



અમરેલી અર્બન વિસ્તારમાં રોકડીયા હનુમાનપરા પ્રા.શાળા ખાતે શાળા આરોગ્ય કાર્યક્રમ અંતર્ગત આર.બી.એસ.કે. ટીમ અને તમાકુ નિયંત્રણ વિભાગનાં સહિયારા સહયોગ થી વક્તૃત્વ સ્પર્ધા અને ચિત્રસ્પર્ધા ની ઉજવણી કરાઇ. તા. ૧૧/૦૧/૨૦૧૯ ના રોજ અમરેલીનાં અર્બન-૧ વિસ્તારનાં રોકડીયાપરા ખાતે આવેલ રોકડીયા હનુમાન પરા પ્રા.શાળામાં શાળા આરોગ્ય કાર્યક્રમ અંતર્ગત માનનીય મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારીશ્રી ની સુચનાથી તથા માનનીય તાલુકા હેલ્થ ઓફીસર સાહેબ શ્રી ડો. રાજીવ કુમાર સિંહા નાં માર્ગદર્શન હેઠળ તેમજ શાળા તમાકુ નિયંત્રણ કાર્યક્રમ વિભાગ તથા શાળા નાં સહયોગથી આર.બી.એસ.કે. ટીમનં. ૭૦૮ દ્વારા આરોગ્ય ને લગતી આઇ.ઇ.સી. તથા વક્તુત્વ સ્પર્ધા અને ચિત્ર સ્પર્ધા નું આયોજન કરવામાં આવ્યું. આ કાર્યક્રમ માં અર્બન-૧ નાં આર.બી.એસ.કે. મે.ઓ. ડો. વસીમ ભટ્ટી, ડો. સુનેહરા કુરેશી ફાર્મા. સોલંકી ઉર્વશી તથા હિમેલ હેલ્થ વર્કર આશાબેન મકવાણા અને આશાવર્કર કાજલબેન અને શાળા નાં પ્રિન્સીપાલ દિનેશભાઇ વ્યાસ અને તમાકુ નિયંત્રણનાં રીજવાનભાઇ મોગલ અને નરેશભાઇ જેઠવા તેમજ અન્ય તમામ શિક્ષકો દ્વારા આ કાર્યક્રમ ને આગળ વધારવામાં આવ્યો. આકાર્યક્રમમાં તમાકુ નિયંત્રણ માટેનાં સુત્રો તેમજ વ્યસન થતા નુકસાન વિશે માર્ગદર્શન આપવામાં આવ્યું. તેમજ બાળકોને વ્યસનમુક્ત કેમ રહેવું તે શીખવાડવામાં આવ્યું. આ કાર્યક્રમ દરમિયાન નરેન્દ્રભાઇ મકવાણા કાઉન્સેલર (સોશ્યલ વર્કર) ડિસ્ટ્રીક અર્લી ઈન્ટરવેશન સેન્ટર સિવીલ હોસ્પિટલ – અમરેલી ચિફ ગેસ્ટ તરીકે હાજરી આપી હતી. અંદાજીત ૫૦ જેટલા વિદ્યાર્થી એ ઉત્સાહ પુર્વક ભાગ લઇ કાર્યક્રમને દિપાવ્યો હતો. તેમજ આ કાર્યક્રર્મનાં અંતે વિદ્યાર્થીઓને ઈનામ તથા પ્રમાણપત્ર આપિ સન્માનીત પણ કરવામાં આવ્યાં.

એપાર્ટમેન્ટના લોકોએ કપડા સીવવાનો ધંધો બંધ કરાવતા મહિલા હેલ્પ લાઈનને શરણે

સુરત

સુરત શહેરની દિવ્યા નામની મહિલા પોતાના એપાર્ટમેન્ટના મકાનમાં કપડા સીવીને ગુજરાત ચલાવે છે. પોતાના એપાર્ટમેન્ટના હોદ્દેદારોએ તેને કપડા સિવવાની મનાઈ ફરમાવતા મહિલાએ ૧૮૧ મહિલા હેલ્પ લાઈનને મદદ માટે કોલ કર્યો હતો. ઉમરા પોલિસ સ્ટેશન સ્થિત રેકયુ વાન તત્કાલ દર્શાવિલા સ્થળે પહોચી મહિલા અને એપાર્ટમેન્ટના હોદ્દેદારોને મળીને વાતચીત અને સમજાવીને સુખદ સમાધાન કરાવ્યું હતું.

બનાવની વિગત એવી છે કે, પાલનપુર પાટિયા નજીક માન સરોવર એપાર્ટમેન્ટમાં રહેતા દિવ્યાબેન તેઓના બે બાળકો સાથે રહે છે જ્યારે તેના પતિ મહારાષ્ટ્રમાં કંપનીમાં નોકરી કરે છે. જે પરિવારની ખબર લેવા બે-ત્રણ મહિનામાં એક વખત આવે છે. નવરાશના સમયમાં દિવ્યાબેન કપડા સીવવાનો કામ કરીને રોજગારી મેળવે છે. કપડા સિવવાના મશીનનો અવાજ નીચે રૂમમાં રહેતા મકાન માલિકને ખૂબ જ ત્રાસદાયક લાગે છે. તેઓ જણાવે છે કે અવાર-નવાર કપડાં સીવવા માટે ગ્રાહકો પણ આવે છે. જેના કારણે રેસીડેન્સીયલ વિસ્તારમાં રોજની સમસ્યા રહે છે. આ બાબતે તેઓ વચ્ચે ઝગડાઓ થાય છે. જેથી એપાર્ટમેન્ટના હોદ્દેદારોએ પણ આ અગાઉ મધ્યસ્થી કરીને ઝઘડાનું સમાધાન કરવાનો પ્રયત્ન કર્યો હતો. પણ તેનું કોઈ સમાધાન આવ્યુ ન હતું. હોદ્દેદારોએ તથા અન્ય રહેવાસીઓએ દિવ્યાને આ કામ બંધ કરવા જણાવતા ૧૮૧ હેલ્પલાઈનને જાણ કરી હતી.

૧૮૧ ટીમ દ્વારા મીટીગ કરી દરેકને શાંતિથી સંભાળવામાં આવ્યા હતા. જેમા દિવ્યાએ જણાવ્યું કે, પોતાના પરિવારની આર્થિક પરિસ્થિતિ નબળી હોવાથી નવરાશના સમયમાં કપડા સિવવાથી વધારાની આવક મળી રહે છે. દુકાન ભાડે રાખીને ધંધો કરી શકાય તેવી સ્થિતિ નથી. આ ઘરકામનો વ્યવસાય આર્થિક રીતે પોષાય તેવો છે. અન્ય રહેવાસીઓએ જણાવ્યું કે, આ ધંધો કરવાથી અમોને કોઈ વાંધો નથી. પરંતું મશીનનો અવાજ બંધ થાય અને શાંતિ જળવાય તો અન્ય સભ્યોએ પણ કોઈ વાંધો ન હોવાનું જણાવ્યું હતું. અંતે દિવ્યાબેન એક કાર્પેટ પર મશીન રાખશે તથા રબ્બરના પેકીગ ઉપર મશીન રાખશે. જેથી અવાજ ઓછો આવશે.

અલથાણ કેનાલ રોડ પાસે રહેતી યુવતી કાજલબેન ગુમ

ખટોદરા પોલીસ સ્ટેશનના જણાવ્યાનુસાર તા.૩/૧/૨૦૧૯ના રોજ શિખર હાઈટ્સ, અલથાણ કેનાલ રોડ ખાતે રહેતા ૨૧ વર્ષીય કાજલબને વિષ્ણુભાઈ પટેલ પોતાના ઘરેથી અગત્યના કાગળો ઝેરોક્ષ કરાવવા જવાનું કહીને નીકળ્યા બાદ પરત ફર્યા નથી. જે શરીરે મજબુત બાંધાના, રંગે ધઉવર્ણી, ઉંચાઈ આશરે ૫.૫ ફુટ છે. ગુલાબી રંગની ટી-શર્ટ તથા કાળા રંગનું જીન્સ પેન્ટ પહેર્યું છે.

બસપા સુપ્રિમો માયાવતીએ તોડ્યુ મૌનઃ ભત્રીજા આકાશને શીખવાની તક આપીશ

લખનૌ

બસપા પ્રમુખ માયાવતીએ આજે પ્રેસ કોન્ફરન્સ કરી પોતાના ભત્રીજા આકાશ આનંદ અંગે સ્પષ્ટતા કરી છે. તેમણે જણાવ્યું કે લખનઉના કેટલાક કાર્યક્રમોમાં મારી સાથે રહેનાર મારા મોટા ભાઈના પુત્ર આકાશ આનંદને નિમ્ન સ્તરના રાજકારણ માટે ખોટી રીતે દર્શાવવામાં આવ્યા છે. બસપા આવા હલકા રાજકારણ પર શાંત રહેશે નહીં. અમે આ વસ્તુઓનો જડબાતોડ જવાબ આપીશું. બસપા સુપ્રીમોએ કહ્યું કે આ પહેલા પણ જાતિવાદી અને દલિત વિરોધી મીડિયાએ મારા ચંપલ અને સેન્ડલો વિશે ભ્રામક સમાચાર ફેલાવ્યા હતા, હવે આ જ વસ્તુ મારા ભાઈના પુત્ર સાથે પણ થઈ રહી છે. અને તેના શૂઝ અને ચંપલની કિંમતોને વધારીને દર્શાવાઈ રહી છે. હજુ સુધી મારા ભાઈનો પુત્ર આકાશ પાર્ટીમાં બિન-રાજકીય રીતે કાર્યરત હતો. પરંતુ હવે હું તેને પાર્ટીની મૂવમેન્ટમાં સામેલ કરીશ અને તેને શીખવાની તક આપીશ.

માયાવતીએ કહ્યું કે ઘણા વિરોધીઓ અને દલિત વિરોધી તેમજ જાતિવાદી નેતા બીએસપી અને સપાના ગઠબંધનથી ગભરાઈ ગયા છે અને તેથી તેઓ અનેક કાવતરા રચી રહ્યા છે. તેમણે કહ્યું કે કેટલાક જાતિવાદી અને દલિત વિરોધી ટીવી ચેનલોનો સંપર્ક કરીને ખોટા અહેવાલો દર્શાવી ષડયંત્ર રચી રહ્યા છે. મારા જન્મદિનની ખુશીના અવસર પર કેક ખાઈને ખુશી મનાવવાને તેમણે કેકની લૂંટ બતાવીને ટીવી પર દર્શાવી હતી.

આગળ તેમણે જણાવ્યું કે બસપાની લોકપ્રિયતામાં વધારો થયો છે, અને સમાજવાદી પાર્ટી સાથે તેના ગઠબંધનને લઈને ઘણા દલિત-વિરોધી અને જાતિવાદી પક્ષો ચિંતિત છે, તેથી એક નૈતિક લડાઈ લડાવાની જગ્યાએ તેઓ દલિત વિરોધી મીડિયા સંસ્થાઓ સાથે મળીને અમને લઈને ખોટી ટિપ્પણીઓ કરી રહ્યા છે.

સ્પોર્ટ્સમાં ભાગ લેનાર વિદ્યાર્થીઓ માટે સીબીએસઈ અલગથી પરીક્ષા લેશે

અમદાવાદ

દેશભરના ઊભરતા ખેલાડીઓ માટે એક રાહતના સમાચાર આવ્યા છે, જે વિદ્યાર્થીઓને ઈન્ટરનેશનલ અને નેશનલ ગેમ્સમાં ભાગ લેવા માટે બોર્ડની પરીક્ષા વચ્ચે અવરોધ થતો હતો ત્યારે સીબીએસઈ દ્વારા કેન્દ્ર સરકારની ગેમ્સ અને ખેલાડીઓને પ્રમોટ કરવા વિદ્યાર્થીઓને રાહત આપવામાં આવી છે. ઈન્ટરનેશનલ ગેમ્સ ફેબ્રુઆરીથી શરૂ થાય છે ત્યારે સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશનની ધો. ૧૦ અને ધો. ૧૨ની પરીક્ષા વચ્ચે જ આવે છે, જેના કારણે વિદ્યાર્થીઓને એક્ઝામનો સ્ટ્રેસ પણ રહે છે ત્યારે સીબીએસઈ બોર્ડે નિર્ણય કર્યો કે ગેમ્સમાં ભાગ લેનાર વિદ્યાર્થીઓ માટે અલગથી પરીક્ષા લેવામાં આવશે.

વિદ્યાર્થીઓને સ્પોર્ટ્સમાં ફેન્ડલી માહોલ આપવા માટે નવા ફેરફાર કરવામાં આવ્યા છે. આ બદલાવમાં જે વિદ્યાર્થીઓ નેશનલ અને ઈન્ટરનેશનલ લેવલની પરીક્ષામાં ભાગ લેશે તેમના માટે આ આયોજન કરવામાં આવ્યું છે. આ વર્ષે હેલ્થ અને ફિઝિકલ એજ્યુકેશનને પ્રમોટ કરવા માટે સેકન્ડરી અને સિનિયર સેકન્ડરી લેવલ પર રોજ એક સ્પોર્ટ્સનો પિરિયડ લેવામાં આવશે.

જે વિદ્યાર્થીઓએ બોર્ડની પરીક્ષા દરમિયાન નેશનલ અને ઈન્ટરનેશનલ સ્પોર્ટ્સ-ઈવેન્ટ્સમાં ભાગ લેવો છે તેમણે એની જાણકારી સીબીએસઈની રિજનલ ઓફિસ પર ૩૧ જાન્યુઆરી સુધીમાં મોકલવાની રહેશે. આ વિષય પર સીબીએસઈ દ્વારા એક નોટિફિકેશન બહાર પાડવામાં આવ્યું છે. આ વર્ષે નેશનલ ગેમ્સ ૩૦ માર્ચથી ૧૪ એપ્રિલ સુધી યોજાશે. વિદ્યાર્થીઓએ સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ઇન્ડિયા પાસેથી રિકેમન્ડેશન લેટર લઈ સીબીએસઈ રિજનલ ઓફિસમાં ૩૧ જાન્યુઆરી પહેલાં આપવાનો રહેશે.

અમે સીબીઆઈમાં સફાઈ કરી,આંગળી ચિંધનારા લોકો કેટલા સાચા?

કેટલાક લોકો માને છે કે તેમનો જન્મ માત્ર રાજ કરવા માટે થયો છેઃ જેટલી

ન્યુ દિલ્હી

કેન્દ્રિય નાણામંત્રી અરુણ જેટલી ભલે હાલમાં તેમની સારવાર માટે અમેરિકામાં હોય, પરંતુ તેમની સક્રિયતા હજુ પણ ઓછી થઈ નથી. બ્લોગ દ્વારા અનેક વખત વિપક્ષ પર પ્રહાર કરનાર અરુણ જેટલીએ એકવાર ફરીથી સારવાર દરમિયાન જ બ્લોગ લખી અનેક મુદ્દાઓ પર પોતાની નિડર મત વ્યક્ત કર્યો છે. આગામી લોકસભા ચૂંટણીઓ ઉપરાંત કોંગ્રેસ સહિત વિપક્ષના આક્રમક વલણને ધ્યાનમાં રાખીને ઘણા મુદ્દાઓ પર નાણા મંત્રી અરૂણ જેટલીએ જવાબ આપ્યો છે. અરુણ જેટલીએ વિપક્ષ પર પ્રહારો કરતા કહ્યું કે પોલિટિકલ સિસ્ટમમાં કેટલાક લોકો એવા છે જેઓ વિચારે છે કે તેઓ રાજ કરવા માટે જ જન્મ્યા છે.

નાણામંત્રી અરુણ જેટલીએ વિપક્ષી દળોને 'વાત વાત પર વિરોધ કરનાર' જણાવતા તેમના પર ખોટુ બોલવાનો અને એક ચૂંટાયેલી સરકારને નબળી કરીને લોકશાહીને બર્બાદ કરવાનો આરોપ લગાવ્યો છે. તેમણે કોંગ્રેસ અથવા અન્ય વિપક્ષી દળોનું નામ લીધા વગર એક ફેસબુક પોસ્ટમાં જણાવ્યું કે સકારાત્મક માનસિકતાવાળા લોકો અને રાષ્ટ્રીય શક્તિથી રાષ્ટ્રનું નિર્માણ થાય છે, 'વાત વાત પર વિરોધ કરનારા લોકો' દ્વારા નહીં.

અરુણ જેટલીએ ગુરુવારે પોતાના ટ્વિટર અકાઉન્ટ પર લખ્યું કે પોલિટિકલ સિસ્ટમમાં કેટલાક લોકો એવા છે જે વિચારે છે કે તેમનો જન્મ માત્ર શાસન કરવા માટે થયો છે. કેટલાક લોકો તો એવા છે જે લેફ્ટ અથવા અલ્ટ્રા લેફ્ટ વિચારોથી પ્રભાવિત છે. તેમના માટે એનડીએની સરકાર સંપૂર્ણ રીતે સ્વીકાર કરવા યોગ્ય નથી. આ વચ્ચે એક બીજો વર્ગ પણ સામે આવ્યો છે, જેનું કામ માત્ર સતત દુષ્પ્રચાર કરવાનું છે.

અરુણ જેટલીએ ફેસબુક પર એક બ્લોગ લખ્યો વારંવાર ખોટું બોલવાથી કોઈ અફસોસ નથી. જો તેઓ દેશના હિતની વિરુદ્ધ ચાલતા હોય તો તેઓ પણ દલીલ કરી શકે છે. તેઓ ભ્રષ્ટાચારના રૂપમાં ધર્મયુદ્ધનો સ્વાંગ રચી શકે છે. પોતાની વિચારધારા અનુસાર તેઓ બેવડા માપદંડ અપનાવી શકે છે. આર્થિક રીતે નબળા વર્ગ માટે ૧૦ ટકા રિઝર્વેશન અને રાફેલ સંરક્ષણના સોદા સહિત અનેક મુદ્દાઓ પર રાજકીય દળોની નિંદાના સંકેત આપતા જેટલીએ કહ્યું કે 'વાત વાત પર ખોટુ બોલનારોનું માનવું છે કે સરકાર કંઈ સારૂં કરી શકે તેમ નથી અને તેથી તેમના દરેક કામમાં અડચણ ઉભી કરવામાં આવે.

ગુજરાત આજે અન્ય રાજ્યો કરતાં વધુ સુવિધાઓ પૂરી પાડવા સક્ષમ બન્યુ

આર્થિક અનામતથી સામાજિક સમરસતા વધશેઃ નરેન્દ્ર મોદી

અમદાવાદ

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગુજરાતના ત્રિદિવસી પ્રવાસે આવી પહોંચતાં જ તેમના વિવિધ કાર્યક્રમો પ્રારંભ થઈ ગયાં હતાં. વીએસ હોસ્પિટલ સંકુલમાં ૭૫૦ કરોડના ખર્ચે બનાવાયેલી નવી એસવીપી હોસ્પિટલના લોકાર્પણ બાદ તેઓએ વીએસ હોસ્પિટલની પાછળના રિવરફ્રન્ટ તરફ બનાવાયેલાં વિશાળ ડોમમાં ઉપસ્થિતોનો સંબોધન કાર્યક્રમ યોજાયો હતો.

પહેલાં હિન્દીમાં પ્રાસંગિક સંબોધન કરી કેમ છો..પૂછી જનતાનું અભિવાદન ગુજરાતીમાં કર્યું બાદમાં હિન્દીમાં સંબોધન શરુ કર્યુંપનવા વર્ષમાં આ મારી ગુજરાતની પહેલી મુલાકાત છે. તહેવારનો આનંદ ત્યારે જ આવે છે જયારે પરિવારનું સ્વાસ્થ્ય સારું હોય. આજે ગુજરાતની જનતાને વિશ્વસ્તરીય મોટી આરોગ્ય સુવિધાઓ લોકાર્પિત કરવાનો મોકો મને મળ્યો તેનો આભાર માનું છું. સરદાર પટેલનો આત્મા જયાં હશે ત્યાં અમદાવાદનો ફૂલ્યોફાલ્યો વિકાસ અને આધુનિક હોસ્પિટલ સુવિધા નિહાળી આનંદ પામતો હશે.

આ હોસ્પિટલનું મેં નિરીક્ષણ કર્યું તેની સુવિધાઓ નિહાળું હું મંત્રમુગ્ધ થયો છે. આ હોસ્પિટલ આગવું મહત્ત્વ ધરાવે છે. ૨૦૧૧-૧૨ના આ પ્રોજેક્ટ વિશે જાતજાતની વાતો થતી હતી. ત્યારથી આ પ્રોજેક્ટ સાથે જોડાયેલાં સૌને અભિનંદન પાઠવું છું. આ હોસ્પિટલ પહેલી એવી સરકારી કોર્પોરેશન હોસ્પિટલ છે જયાં એરલિફ્ટની સુવિધા છે. અમે નવી હોસ્પિટલો ખોલવા સહિત મેડિકલ સીટો વધારવા પર પણ ધ્યાન આપ્યું છે. ગુજરાત આજે અન્ય રાજયો કરતાં વધુ સુવિધાઓ પૂરી પાડવા માટે સક્ષમ બન્યું છે.

વિદેશથી લોકો સ્વાસ્થ્ય સુવિધા માટે ગુજરાત આવે છે ત્યારે આ હોસ્પિટલનો લાભ લઈ દેશવિદેશના લોકો લાભાન્વિત થશે. મોંઘી ચકાચૌંધવાળી હોસ્પિટલોમાં જતાં સામાન્ય માણસ ગભરાય છે ત્યારે એવી જ આ હોસ્પિટલમાં ગરીબનો મફતમાં ઈલાજ થશે. કેટલાક લોકો આયુષ્યમાન ભારત યોજનાને મોદી કેર પણ કહે છે તે યોજનામાં દરરોજ, ૧૦,૦૦૦ ગરીબોને મફતમાં ઈલાજ મળી રહ્યો છે. જનઔષધિ કેન્દ્ર ઝૂંબેશ હેઠળ દેશમાં ૫૦૦૦ કેન્દ્ર શરુ થઈ ગઈ છે તેમાં દવાઓ સસ્તી મળતી થઈ ગઈ છે. અમે ભાવ નિર્ધારણ કર્યા તેના કારણે દવાઓ સહિત તબીબી સાધનો સસ્તાં મળતાં થયાં છે.

દેશભરમાં સાડા ચારસો કેન્દ્રો પર મફતમાં ડાયાલિસિસ કરવાની સુવિધા આપી છે. બીજેપીની સરકારે ગામેગામ સસ્તી આરોગ્ય સુવિધાઓ ઉપલબ્ધ કરાવવાનું બીડું ઉઠાવ્યું છે. પાછલાં ૪ વર્ષમાં મેડિકલ એજ્યુકેશનનો પણ અભૂતપૂર્વ વિસ્તાર કર્યો છે. ૧૩૦૦૦થી વધુ પોસ્ટ ગ્રેજ્યુએટ સીટો વધારાઈ છે. મધ્યમવર્ગના પરિવારના સંતાનો જે મેજિકલમાં કેરિયર બનાવવા માગે છે તેમના માટે તકો ઉપલબ્ધ કરાવી છે. ખાનગી હોસ્પિટલના નેટવર્કનો પણ અમે વિસ્તાર કર્યો છે. આયુષ્યમાન ભારતમાં નવા મેડિકલ પેરામેડિકલ સ્ટાફની જરુરત બની રહી છે તેથી આ ક્ષેત્રમાં નવા રોજગારના અવસર પણ મળશે

સામાન્ય વર્ગના ગરીબ બાળકોને સરકારી અને ખાનગી સંસ્થાઓમાં ૧૦ ટકા અનામતની વ્યવસ્થા કરી છે જેનો ગુજરાતે સૌપ્રથમ અમલ કર્યો છે. અનામતની રાજનીતિ દશકોથી ચાલી રહી હતી પણ સંવિધાન સંશોધન કરવાની હિંમત તેમનામાં ન હતી, પણ કેન્દ્રની એનડીએ સરકારે તે કરી બતાવ્યું છે. કોઈપણના હિતને છેડ્યા વિના અમે આ કર્યું છે. ફરિયાદો દૂર થશે, નવી વ્યવસ્થાથી સામાજિક સમરસતાનું નિર્માણ થશે. કેન્દ્ર સરકારે નક્કી કર્યું છે કે આ વર્ષના નવા સત્રથી ૪૦,૦૦૦ કોલેજોમાં તમામ ફેકલ્ટીમાં આર્થિક અનામત લાગુ પડશે તેની ટેકનિકલ આદેશો જારી ઝડપથી જારી કરવામાં આવી રહ્યાં છે. અવસરોના અભાવમાં કોઈ પાછળ ન રહે તે માટે સરકાર લગાતાર કામ કરી રહી છે. આ જ સબકા સાથ સબ કા વિકાસ છે અને ન્યૂ ઈન્ડિયાના નિર્માણનો અમારો રસ્તો છે.

ટીડીપી તેલંગાનામાં કોંગ્રેસ સાથે ગઠબંધન નહિ કરેઃ એકલા હાથે લડશે લોકસભા ચૂંટણી

હૈદરાબાદ

લોકસભા ચૂંટણી પહેલા કોંગ્રેસને ઉત્તરપ્રદેશ બાદ હવે બીજા એક રાજ્યમાં પણ મોટો ફટકો પડ્યો છે. તેલંગાનામાં કોંગ્રેસની સાથે ગઠબંધન કરીને વિધાનસભા ચૂંટણી લડી ચૂકેલી તેલુગુ દેશમ પાર્ટી (ટીડીપી) હવે કોંગ્રેસ સાથે લોકસભા ચૂંટણી નથી લડવા માંગતી. ટીડીપી સુત્રો અનુસાર, પાર્ટી આંધ્રપ્રદેશમાં કોંગ્રેસ વિરુદ્ધના માહોલને જોઈને લોકસભા અને વિધાનસભા ચૂંટણીમાં બેઠકો પર સમાધાન નથી કરવા માંગતી. ઉલ્લેખનીય છે કે, આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી અને ટીડીપી પ્રમુખ ચંદ્રબાબુ નાયડુએ દિલ્હીમાં ૮ જાન્યુઆરીએ કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધી, એનસીપી પ્રમુખ શરદ પવાર, દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ સાથે મુલાકાત કરી હતી.

અહીં ચંદ્રબાબુ નાયડુએ કહ્યુ હતું કે, ભારતીય જનતા પાર્ટીને હરાવવા અને દેશને બચાવવા માટે બધા વિપક્ષી દળોએ એકસાથે આવવું લોકશાહીની મજબૂરી છે.











તંત્રી સ્થાનેથી...

કાશ્મીરમાં અનેક પડકારો

જમ્મુ કાશ્મીરમાં સામાન્ય સ્થિતી સ્થાપિત થાય તેવી ઈચ્છા દરેક વ્યક્તિ રાખે છે. દુનિયાના સ્વર્ગ સમાન જમ્મુ કાશ્મીરમાં દરેક વ્યક્તિ ફરવા માટે જવા ઈચ્છુક છે પરંતુ ત્યાંની સ્થિતીના કારણે લોકો જતા નથી. આતંકવાદ અને કટ્ટરવાદના કારણે કાશ્મીર અન્ય રાજ્યો કરતા ખુબ પાછળ છે. આવી સ્થિતીને દુર કરવા માટે મજબુત ઈચ્છાશક્તિની સાથે સાથે કઠોર પગલા પણ જરૂરી બન્યા છે. ઓપરેશન ઓલઆઉટ હેઠળ સેંકડો ટોપ ત્રાસવાદીઓનો ખાતમો થયો હોવા છતાં ત્રાસવાદી ગતિ જારી છે. આનુ કારણ એ છે કે સ્થાનિક લોકો અને કટ્ટરપંથીઓ ત્રાસવાદીઓને મદદ કરી રહ્યા છે. રાજ્યમાં ગવર્નર શાસન છે. મુખ્યપ્રધાન તરીકે મહેબુબા મુફ્તિએ રાજીનામુ આપી દીધા બાદ રાજ્યમાં ગવર્નર શાસન લાગુ કરવામાં આવ્યુ હતુ. સાથે સાથે શાંતિ સ્થાપિત કરવાના હેતુથી લાગુ કરવામાં આવેલા યુદ્ધવિરામને નહીં લંબાવવા માટેનો પણ નિર્ણય કરવામાં આવ્યો હતો.આવી સ્થિતીમાં સેનાને ત્રાસવાદીઓનો ખાતમો કરવા માટે હવે છુટોદોર મળી ગયો હતો. જો કે ત્રાસવાદનો ખાતમો કરવાની બાબત પડકારરૂપ છે. કારણ કે સ્થાનિક લોકોમાં ત્રાસવાદીઓ છુપાયેલા છે અને સ્થાનિક લોકો તેમજ કટ્ટરપંથીઓ ટેકો આપી રહ્યા છે. જો કે હવે રાજ્યમાં શાંતિ સ્થાપિત કરવા માટે ત્રાસવાદીઓ સામે નિર્ણાયક કાર્યવાહી કરવા માટેનો સમય હવે આવી ગયો છે. કારણ કે વારંવારના હુમલા અને સતત ઉશ્કેરણીજનક કૃત્યો પાકિસ્તાન સરકાર અને પાકિસ્તાન સમર્થિત ત્રાસવાદીઓ દ્વારા જારી રાખવામાં આવ્યા છે. આટલામાં ઓછુ હોય તેમ હવે પાકિસ્તાન ભારતમાં અનેક હુમલા માટે જવાબદાર રહેલા કુખ્યાત હાફિઝ સઈદની સામે કોઈ કાર્યવાહી કરવા તૈયાર નથી. હાફિઝની સાથે સાથે તેના સંગઠનોની સામે કાર્યવાહી કરવાનો પણ પાકિસ્તાને ઈન્કાર કરીને વિશ્વના દબાણની ઐસી તૈસી કરી છે. અમેરિકા સહિતના દેશોના દબાણને કોઈ મહત્વ પાકિસ્તાન આપી રહ્યુ નથી. પાકિસ્તાન દશકોથી આ પ્રકારના વલણના કારણે આજે વૈશ્વિક ત્રાસવાદીઓ માટે મુખ્ય કેન્દ્ર તરીકે ઉભરી ચુક્યુ છે અને દુનિયાભરના મોટા ત્રાસવાદીઓ અને આતંકવાદીઓ પાકિસ્તાનમાં છુપાયેલા છે. જંગી ઈનામ ધરાવનાર ત્રાસવાદીઓ સામે પણ કાર્યવાહી કરવામાં આવી રહી નથી. ભારત અને અમેરિકા દ્વારા આપવામાં આવેલા પુરાવા તરફ પણ ધ્યાન આપવામાં આવી રહ્યુ નથી. પાકિસ્તાનના નિવેદન અને હાલના વર્ષોમાં ચીનના વલણને જોતા એક બાબત સ્પષ્ટ છે કે ભારતને હવે વધારે એલર્ટ રહેવાની તાકીદની જરૂર છે. કારણ કે ચીન જેવા દેશો પણ હાફિઝ સઈદના મામલે ભારતને સાથ આપવા માટે તૈયાર નથી. ભારતને કેટલાક મોરચે એક સાથે લડવાની જરૂર દેખાઈ રહી છે. ભારત સરકાર છેલ્લા કેટલાક વર્ષોથી પાકિસ્તાનને વૈશ્વિક મંચ પર એકલુ પાડી દેવામાં સફળ રહ્યુ છે પરંતુ હજુ કેટલાક પગલા લેવાની જરૂર દેખાઈ રહી છે. પાકિસ્તાન અને પાકિસ્તાન કબજા હેઠળના કાશ્મીરમાં મોટી સંખ્યામાં ત્રાસવાદીઓના કેમ્પ ચાલી રહ્યા છે.

પાકિસ્તાનનો ટેકો ધરાવતા કટ્ટરપંથીઓ અને ત્રાસવાદીઓ તો શાંતિ ઈચ્છતા નથી

વધુ ચા પીવો વજન ઉતારો

તાજેતરમાં જ કરવામાં આવેલા એક નવા અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે વધારે પડતા વજનને ઘટાડવા માટે ચા પીવાની બાબત આદર્શ છે. ચાથી વધારાના વજનને ઉતારવામાં મદદ મળે છે. આધુનિક સમયમાં જંકફુડના શોખિન લોકો મોટાભાગે સ્થુળ હોય છે. વજન વધવા માટે મુખ્ય કારણોમાં જંકફુડ જવાબદાર છે. જાપાનના કોબે યુનિવર્સિટીમાં કરવામાં આવેલા અભ્યાસમાં સંશોધકોએ એવા તારણો ઉપર પહોંચ્યા છે કે જંકફુડના શોખિન લોકો પણ પોતાના વજનને ઘટાડવા ચાનો ઉપયોગ કરી શકે છે. આમા જણાવવામાં આવ્યુ છે કે નિયમિત ચા પીવાથી ફેટીફુડ સાથે સંબંધિત લોહીમાં સ્થિતિમાં સુધારો કરે છે. ફેટીફુડ ટાઈપ-૨ ડાયાબિટિસને આમંત્રણ આપે છે. અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે નક્કર તારણો ઉપર પહોંચવા માટે કેટલાક ઉંદરોને ઉંચા ફેટડાઈટની ચીજવસ્તુઓ આપવામાં આવી હતી. જ્યારે કેટલાક ઉંદરોને સામાન્ય ચીજ વસ્તુઓ આપવામાં આવી હતી. દરેકને બે ગ્રુપમાં વિભાજિત કરવામાં આવ્યા હતા. ૧૪ સપ્તાહ સુધી આ બંને ગ્રુપના ઉંદરોને પાણી, કાળી ચા અથવા તો ગ્રીન ચા આપવામાં આવી હતી. અભ્યાસમાં જાણવા મળ્યુ કે બંને પ્રકારની ચા શરીરમાં વજનને ઘટાડવામાં ઉપયોગી બને છે. સાથે સાથે શરીરને બેલેન્સ કરવામાં ઉપયોગી બને છે. મોટાભાગના સામાન્ય લોકો કાળી ચાનો ઉપયોગ કરે છે. જે સામાન્ય રીતે લોહીમાં નુકશાનકારક અસરને ઘટાડવામાં પણ મદદરૂપ છે. હાઈફેટ ડાઈટ સાથે સંબંધ ધરાવનાર લોહીમાં નુકશાનકારક તત્વો ઘટે છે. કોલેસ્ટેરોલ, હાઈબ્લડ ગ્લુકોઝમાં ફેરફાર પણ આના લીધે થાય છે.

લોકસભા ચૂંટણી : બિહાર સોશિયલ એન્જિનિયરિંગ પ્રયોગશાળા હશે

અનામત પાર્ટ-૨ નિર્ણાયક બની શકે



આર્થિક રીતે નબળા વર્ગના લોકોને દસ ટકા અનામતને લઈને લાભ-નુકસાનની ગણતરીમાં રાજકીય પક્ષો લાગી ગયા છે

લોકસભાની ચૂંટણીને લઈને તમામ તૈયારીમાં તમામ પક્ષો લાગી ગયા છે. આ વખતે બિહારની ચૂંટણી પણ ઉત્તરપ્રદેશની જેમ નિર્ણાયક સાબિત થનાર છે. રાજકીય પંડિતો કહે છે કે બિહાર સોશિયલ એન્જિનિયરિંગ માટે પ્રયોગશાળા તરીકે સાબિત થઈ શકે છે. અનામત-પાર્ટ -ટુને લઈને તમામ રાજકીય પક્ષો પોત પોતાના લાભ નુકસાનની ગણતરીમાં લાગી ગયા છે. આર્થિક રીતે પછાત સામાન્ય વર્ગના લોકોને દસ ટકા અનામત આપવામાં આવ્યા બાદ હવે નફા નુકસાનની ગણતરીમાં રાજકીય પક્ષો લાગી ગયા છે. એનડીએ અને મહાગઠબંધનના લોકો પોત પોતાની ગણતરી કરી રહ્યા છે. દસ ટકા અનામતને બે ધારી તલવાર તરીકે પણ ગણવામાં આવે છે. આ વખતે લાલુ યાદવ જેલમાં છે અને સાથે સાથે શારરિક રીતે અસ્વસ્થ છે ત્યારે જેડીયુના નેતા નીતિશ કુમાર અને ભાજપને સ્થિતીનો લાભ ઉઠાવી લેવાની તક રહેલી છે. બિહારમાં હાલના દિવસોમાં રાજકીય ભોજનુ આયોજન કરવામાં આવી રહ્યુ છે. બિહારમાં રાજકીય ભોજન કાર્યક્રમ સંબંધ બનાવવા અને બિગડવા માટેના કાર્યક્રમ સાબિત થતા રહ્યા છે. વર્ષ ૨૦૧૩માં નરેન્દ્ર મોદી અને નીતિશ કુમાર આમને સામને આવી ગયા હતા. ભોજન પહેલા સંબંધોનો અંત આવી ગયો હતો. હવે જ્યારે ભાજપ અને જેડીયુ ફરી એક સાથે છે ત્યારે વર્ષ ૨૦૧૯માં લોકસભા ચૂંટણી યોજાઈ રહી છે. ચૂંટણી માટે બેઠકોની વહેંચણીને લઈને નિર્ણય પર ભોજન પર જ કરવામાં આવ્યો છે. બિહારના મુખ્યપ્રધાન નીતિશ કુમાર સુધારાવાદીની છાપ ઉભી કરવા માટે તૈયાર છે. પહેલા જાતિઓના તોડજોડથી પોતાના માટે નવા આધાર બનાવવામાં લાગેલા મુખ્યપ્રધાન નીતિશ કુમાર પોતાની છાપને સમાજમાં મોટા સુધારક તરીકે રજૂ કરવા માટે તૈયાર છે. શરાબબંધીના કારણે શરૂ થયેલા આ પ્રયોગની શરૂઆત બાદ હવે નવી નવી બાબતો આવી રહી છે. દહેજની સામે ઉભા થવા, કુરિતીઓની સામે પ્રહાર કરવાની બાબતમાં નીતિશ કુમાર આગળ આવ્યા છે. ભવ્ય આયોજન દ્વારા પ્રદેશના સમૃદ્ધ ઈતિહાસને રજૂ કરવાના પ્રયાસ નીતિશ કુમાર કરી રહ્યા છે. હાલમાં પોલિથીનની સામે મહાકાય ઝુંબેશ ચાલી રહી છે. શક્યત રીતે નીતિશ કુમારની યોજના અને નિર્ણયો બદલાઈ રહેલા દોરમાં એવા લોકોની વચ્ચે પોતાના આધારને મજબુત કરવા માટેની છે જે લોકો જાતિઓની રાજનીતિના કારણે હવે પરેશાન થઈ ચુક્યા છે. પુન્ના જાતિય ગણતરીના મામલે પહેલા પણ પોતાના વિરોધીઓના કારણે નુકસાન થયુ છે. જેથી જાતિગત ગણતરીની છાપમાંથી બહાર આવવાના પ્રયાસ કરી રહ્યા છે. નીતિશ કુમાર રાષ્ટ્રીય સ્તરમાં એક મોટા કદના નેતા તરીકે તેમની છાપ રજૂ કરવાના પ્રયાસ તરીકે પણ આવે ગણવામાં આવે છે. બિહારની રાજનીતિ જાતિય પણ વધારે આધારિત રહે છે. ટિકિટોની વહેંચણીને લઈને એનડીએ અને મહાગઠબંધન બંને માટે કેટલીક સમસ્યા રહેલી છે. લાંબી વાતચીતના દોર બાદ હવે બિહારમાં જેડીયુ અને ભાપ ૧૭-૧૭ સીટો પર ચૂંટણી લડનાર છે. રામ વિલાસ પાસવાનની પાર્ટીને છ સીટો આપવામાં આવી છે. જો કે અસલી સમસ્યા તો હવે ટિકિટ વહેંચણી વેળા આવનાર છે. બિહારમાંથી ભાજપના ૨૨ સાંસદો છે. આવી સ્થિતીમાં ભાજપ માટે પાંચ સીટ પર ટિકિટ કાપીને જેડીયુને આપવાની બાબત તેના માટે સમસ્યા સર્જી શકે છે. ભાજપના કેટલાક જુના ચહેરા નિવૃત થવાના આરે પહોંચી રહ્યા છે. છતાં નવા દાવેદારોની વચ્ચે ૧૭ ઉમેદવારો નક્કી કરવાની બાબત ભાજપ માટે સરળ રહેશે નહીં. આ વખતે લોકસભાની ચૂંટણીમાં નીતિશ કુમાર ઉપરાંત અન્ય કેટલાક ચહેરા પણ ચાવીરૂપ ભૂમિકા અદા કરનાર છે.આરજેડી નેતા લાલુ યાદવની પાર્ટીના નેતા અને તેમના પુત્ર તેજસ્વી પોતાની પાર્ટી માટે નવા ઉદ્ધારક તરીકે ઉભરી રહ્યા છે. તેમની કસોટી થનાર છે. બોલવામાં કુશળ તેજસ્વી નવી પેઢીને લઈને પણ માહિતીગાર રહે છે. બીજી બાજુ રામ વિલાસ પાસવાન હજુ પણ મોટા દલિત ચહેરા તરીકે રહ્યા છે. જો કે સવર્ણ અનામત બાદ તેમની અસર કેટલી રહે છે તે બાબત પણ નજર રહેશે. ઉપેન્દ્ર કુશવાહની પણ કસોટી થનાર છે. તેઓ એનડીએ સાથે છેડો ફાડી ચુક્યા છે. હવે તેઓ મહાગઠબંધનનો હિસ્સો બની ચુક્યા છે. નવા સાથીઓની સાથે મતદારો તેમને કેટલા હદ સુધી સ્વીકાર કરે છે તે બાબત ઉપયોગી રહેનાર છે. બિહારની ચૂંટણીમાં મોદી, નીતિશ કુમારની રણનિતીની પણ કસોટી થનાર છે.

કલમ ૩૫ એ : અમને વર્તમાન મડાગાંઠથી આગળ જોવાની જરૂર...

કાશ્મીર અને કાયદાકીય મડાગાંઠ

હાલમાં ધ્રુવીકરણની આગને હવા આપવાના બદલે તેના પર ઠંડુ પાણી રેડી દેવાની જરૂર છે : કાશ્મીરમાં સ્થિતી હાલ ચિંતાજનક રહી શકે છે



જમ્મુ કાશ્મીરમાં ભારતીય રાજ્યની રાજકીય કાયદેસરતા એક નાજુક દોરીના સહારે લટકેલી છે. આ સહેરા તરીકે ઈન્સ્ટ્રુમેન્ટ ઓફ એક્સેશન નામની મર્જની સોદાબાજી છે. આ સમજુતી ૧૯૪૯માં શેખ અબ્દુલ્લાની સાથે કરવામાં આવી હતી. જેના કારણે કલમ ૩૭૦ને અપનાવવામાં આવી હતી. આ એકમાત્ર એવો તરીકો છે જેના મારફતે ભારતીય ગણરાજ્ય કાશ્મીર પર પોતાના અધિકાર કાયદાકીય રીતે લાગુ કરે છે. કલમ ૩૫ એ ને કાયમ રાખવા માટે ઐતિહાસિક, કાયદાકીય અને રાજકીય તર્ક હોઈ શકે છે પરંતુ અમને વર્તમાન ગતિરોધથી આગળ નિકળીને વિચારવાની જરૂર પડે તે સ્વાભાવિક છે. નીતિ એમ જ કહે છે કે ધ્રુવીકરણની આગને વધારે હવા આપવામાં ન આવે. તેના પર ઠંડુ પાણી નાંખવામાં આવે તો જ ફાયદો થઈ શકે છે. લાગે છે કે કટોર રાજ્યસત્તા અને વિનાશક કટ્ટરપંથી વચ્ચે ઝુલી રહેલા કાશ્મીરની ત્રાસદી હાલમાં જારી રહેનાર છે. હાલમાં કાશ્મીરમાં જે પ્રણાલી છે તે કેટલાક અંશે પરેશાન કરનાર પણ છે પરંતુ આ પ્રણાલીને ત્યાગ કરી દેવાનો અર્થ એ છે કે પોતાને નાપસંદ કોઈ એક નીતિને પણ અંજલિ આપવાનો છે. સાથે સાથે કાશ્મીર પર ભારતના દાવાના કાયદાકીય અધિકારને પણ છોડી દેવા સમાન છે. ત્યારબાદ એકંદરે તાકાત અને દમનની રમત જ રહી જાય છે. એક જમીની વાસ્તવિકતા એ પણ છે કે ભારતીય રાજ્યનુ વચનો, લોકશાહી મુલ્યો અને ભરોસાને તોડવા સાથે સંબંધિત ઈતિહાસ છે. અહીં જમીન પર સ્થિતી દમનકારી રહેલી છે. એમ લાગે છે કે કાશ્મીર મોતના સકંજામાં છે. આવી સ્થિતીમાં કાશ્મીરમાં કલમ ૩૫ને લઈને વધારે ગંભીર અને વ્યાપક ચર્ચાની જરૂર ઉભી થાય છે. જો કે કલમ ૩૫ એને વર્તમાન હાલતમાં ખતમ કરવાની બાબત આગની સાથે ખેલ કરવા સમાન છે. જો આવુ થશે તો વિશ્વાસઘાતની નિર્ણાયક કાર્યવાહી રહેશે. આ કલમને લઈને સુપ્રીમ કોર્ટ દ્વારા ઈતિહાસ અને ભુતકાળની બાબતો પર પણ વિચારણા કરી ચુકી છે. હાલમાં આ મામલો સુપ્રીમમાં છે. હવે આના પર સુનાવણી ટળી ગઈ છે. ઓગષ્ટના છેલ્લા સપ્તાહમાં સુનાવણી કરવામાં આવનાર છે. કમ સે કમ બે મામલા પુરનલાલ લખન પાલ વિરુદ્ધ ભારતના રાષ્ટ્રપતિ ૧૯૬૩ અને સમ્પત પ્રકાશ વિરુદ્ધ જમ્મુ કાશ્મીર (૧૯૬૯) મામલાને કોર્ટ ઉકેલી ચુકી છે. રાષ્ટ્રપતિના આદેશમાં ફેરફાર કરવામાં આવી શકે છે. જો ખાનગી અને આર્થિક એકીકરણની દ્રષ્ટિએ જોવામાં આવે તો કલમ ૩૫એનો મામલો એટલો સ્પષ્ટ દેખાતો નથી. ખાસ રીતે અરજીમાં વિરોધનો મુદ્દો એ છે કે નિવાસી અને બિનનિવાસી વચ્ચે કોઈ પણ પ્રકારના ભેદભાવ પોતાની રીતે જ ભેદભાવ છે. આ એક સામાન્ય દલીલ છે. જેના કારમે કલમ ૩૫ એ કાશ્મીરના સંદર્ભમાં અમાન્ય થઈ જાય છે. બલ્કે મિઝોરમ, નાગાલેન્ડ અને હિમાચલ પ્રદેશખમાં પણ આવી જ સ્થિતી બની જાય છે. આ વાધા નિવાસ સંબંધી કોઈ પણ બાબતને અમાન્ય કરાર આપે છે. એક વખત એમ માની લેવામાં આવે કે કલમ ૩૫ એ કાયદેસર છે. એટલે કે જમ્મુ કાશ્મીરની વિધાનસભા નિવાસીની પરિભાષા નક્કી કરી શકે છે. તેમાં પણ ગુંચની સ્થિતી રહેલી છે. જેમાં કલમ ૧૪ અતવા તો ૨૧ હેઠળ મુળભુત માપદંડન પૂર્ણ કરવા માટેની જવાબદારી સમજવામાં આવી રહી નથી. કલમ ૩૫ એને કાયમ રાખવા માટે ઐતિહાસિક અનેકાયદાકીય તેમજ રાજકીય તર્ક હોઈ શકે છે પરંતુ આ અમને વર્તમાન ગતિરોધથી આગળ વધીને વિચારવા માટે ચોક્કસપણે પ્રેરિત કરે છે. ૧૯૫૬માં જમ્મુ કાશ્મીરમાં બંધારણની રચના કરવામાં આવી હતી અને તેમાં સ્થાયી નાગરકિતાની પરિભાષા નક્કી કરવામાં આવી હતી. આ ધારણ મુજબ સ્થાનિક નાગરિક એજ વ્યક્તિ છે જે ૧૪મી મે ૧૯૫૪ના દિવસે રાજ્યના નાગરિક રહ્યા છે અને કાયદાકીય રીતે સંપત્તિના અધિગ્રહણમાં રહ્યા છે. આ ઉપરાંત કોઈ વ્યક્તિ ૧૦ વર્ષથી રાજ્યમાં રહે છે અથવા તો પહેલી માર્ચ ૧૯૪૭ બાદ રાજ્યથી માઈગ્રેટ થઈને આજના પાકિસ્તાન સરહદની અંદર જતાં રહ્યા છે પરંતુ પ્રદેશમાં ફરી રિસેટલમેન્ટ પરમિટની સાથે આવ્યા છે તો તેમને તક મળે છે. આ તમામ જટિલ બાબતો આની સાથે જોડાયેલી છે. ૩૫-એ કલમ રાજ્યને વિશેષ અધિકાર ઉપલબ્ધ કરાવે છે. આને લઈને વિરોધ કરનાર અને સમર્થન કરનાર લોકો આમને સામને આવી ગયા છે. રાજ્ય સરકાર દ્વારા સુપ્રિમ કોર્ટના રજીસ્ટ્રાર સમક્ષ એક અરજી દાખલ કરીને માહિતી આપવામાં આવી છે કે આગામી પંચાયત અને શહેરી સ્થાનિક સંસ્થાઓની ચૂંટણી તથા મ્યુનિસિપલ ચૂંટણી માટે તૈયારીઓ ચાલી રહી છે. જેથી આ અરજી પર સુનાવણી હાલ હાથ ધરવામાં ન આવે તે જરૂરી છે. રાજ્ય સરકરા દ્વારા કરવામાં આવેલી રજુઆતને ધ્યાનમાં લેવામાં આવી હતી અને સુનાવણી ટાળી દેવામાં આવી હતી. જમ્મુ કાશ્મીરમાં ખુબ જટિલ સ્થિતી રહેલી છે.

ગુના, શેલ્ટર હોમ મુખ્ય મુદ્દા

બિહારમાં લોકસભાની ચૂંટણીમાં ક્યા ક્યાં મુદ્દા મુખ્ય મુદ્દા બનશે તેની ચર્ચા છેડાઈ ગઈ છે. એકબીજાને પછડાટ આપવા માટે રાજકીય પક્ષો મુખ્ય મુદ્દા પર ધ્યાન આપી રહ્યા છે. જો કે આ વખતે જાણકાર રાજકીય પંડિતોના કહેવા મુજબ સૃજન કોંભાડ, અપરાધમાં વધારો,શેલ્ટર હોમ મુખ્ય મુદ્દા તરીકે રહેશે. ૭૮૦ કરોડ રૂપિયાના મહાકાય સૃજન કોંભાડે બિહારમાં ભારે હલચલ મચાવી છે. સૃજન કોંભાડને લઈને લાલુની પાર્ટી નીતિશ કુમાર પર પ્રહારો કરતી રહી છે. સીબીઆઈની તપાસ ચાલી રહી હોવા છતાં તેને નીતિશ કુમારના સુશાસનના દાવા પર એક મોટા કલંક તરીકે ગણવામાં આવે છે. તમામ લોકોને શરમજનક સ્થિતીમાં મુકે તેવા મુજફ્ફર પુર શેલ્ટર હોમ રેપ કાંડના કારણે પણ તેમની છાપ ખરાબ થઈ છે. રેપ કાંડે તમામ વર્ગમાં નારાજગી જગાવી છે. આના કારણે નીતિશ કુમારની પ્રતિષ્ઠાને મોટો ફટકો પડ્યો હતો. ૩૪ બાળકીઓ પર દુષ્કર્મ કરવામાં આવ્યુ હોવા છતાં તેના સંચાલકને સરકારી સંરક્ષણ મળી રહ્યુ હતુ. નીતિશ કુમારના સમાજ કલ્યાણ પ્રધાન આરોપોમાં ઘેરાઈ ગયા હતા. મંત્રીનુ રાજીનામુ લઈ લેવામાં સરકાર તરફથી થયેલા વિલંબના કારણે પણ તેની પ્રતિષ્ઠાને ફટકો પડ્યો હતો. આના કારણે સામાન્ય લોકોમાં ભારે નારાજગી જોવા મળી હતી. આ બનાવ બાદ દેશભરના શેલ્ટર હોમની સુરક્ષાને લઈને પ્રશ્નો ઉઠ્યા હતા.

મહાગઠબંધનમાં ઘણી ગુંચો

બિહારમાં રાજકીય સ્થિતી ખુબ પ્રવાહી દેખાઈ રહી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને નીતિશ કુમારારની ચાલને નિષ્ફળ કરવા માટે મહાગઠબંધનની રચના કરવામાં આવી ચુકી છે. ખુબ વધારે પાર્ટી ધરાવનાર મહાગઠબંધનમાં સૌથી વધારે ઘમસાણની સ્થિતી રહેલી છે. તેમાં ખેંચતાણ ખુબ વધારે છે. હાલમાં બે સાંસદો ધરાવનાર આરજેડીનો હિસ્સો સૌથી વધારે રહેનાર છે. પરંતુ ત્યારબાદના તમામ હિસ્સા માટે જોરદાર ઘમસાણ થનાર છે તેમાં કોઈ બે મત નથી. આરજેડી પોતાની પાસે ૨૦ કરતા વધારે સીટો રાખવા માટે ઈચ્છુક છે. બે સાંસદો ધરાવનાર કોંગ્રેસ પાર્ટી પણ વધારે સીટની માંગ કરનાર છે. કોંગ્રેસ દ્વારા આ વખતે અડધા ડઝન સીટોની માંગ કરી છે. નવી પાર્ટી પણ ત્રણ સીટોને લઈને મક્કમ છે. ઉપરાંત પૂર્વ મુખ્યપ્રધાન જીતનરામ માંઝી દ્વારા પણ ૨-૩ સીટોની દાવેદારી કરી રહ્યા છે. ડાબેરીઓ, હિન્દુસ્તાની અવામ લીગ સહિતના લોકો વધારે સીટ માંગી રહ્યા છે. આવી સ્થિતીમાં લાલુ યાદવની ગેરહાજરીમાં હવે તેજસ્વી કઈ રીતે મહાગઠબંધનને લઈને આગળ વધે છે તેના પર તમામની નજર કેન્દ્રિત રહેશે. લાલુની ગેરહાજરીમાં તેજસ્વીની કસોટી થનાર છે. લોકસભાની ચૂંટણી નાના પ્રાદેશિક પક્ષોની કસોટી સમાન છે. કોંગ્રેસ પાર્ટી વધારે સીટોની માંગ કરીને તેજસ્વીની સમસ્યાને વધારી શકે છે. બિહારમા દિગ્ગજ નેતા લાલુ યાદવની પક્કડ મજબુત રહી છે. જાતિવાદી ગણતરી તેમની મજબુત રહી છે.

પીએમ મોદીએ ગાંધીનગરમાં ગ્લોબલ વાઈબ્રન્ટ ટ્રેડ શૉ અને એસવીપી હોસ્પિટલનું ઉદ્‌ઘાટન કર્યું

આજે વડાપ્રધાન નવમી વાયબ્રન્ટ સમિટ-૨૦૧૯નું ઉદ્ઘાટન કરશે

વડાપ્રધાન ઉપરાંત દેશ-વિદેશના મહાનુભાવો, ટોચના ઉદ્યોગકારો ગાંધીનગરના આંગણે, મૂડી રોકાણકારો માટે લાલ જાજમ પાથરશે

ગાંધીનગર

આજે સવારે વડાપ્રધાન નરેંદ્ર મોદીએ અમદાવાદ એરપોર્ટ આગમન કર્યું હતું. ત્યારબાદ અમદાવાદ એરપોર્ટથી પોતાના કાફલા સાથે ગાંધીનગર જવા માટે રવાના થયા હતા. જ્યાં તેમણે ગ્લોબલ ટ્રેડ શોનું ઉદઘાટન કર્યું હતું. અને ત્યારબાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદી, મુખ્યમંત્રી વિજય રૂપાણી ટ્રેડ શોથી અમદાવાદ ખાતે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ૭૫૦ કરોડના ખર્ચે સરદાર વલ્લભભાઇ પટેલ ઇન્સ્ટીટ્યુટ ઓફ મોડિકલ સાયન્સ એન્ડ રીસર્ચને દેશની સૌથી અત્યાધુનિક પબ્લિક હોસ્પિટલનું ઉદઘાટન કર્યું હતું. સામાન્ય લોકોને અત્યાધુનિક સુવિધાઓથી અને સારા તબીબો દ્વારા સારવાર મળી રહે તે માટે એએમસી દ્વારા ડિઝિટલ ઇન્ડિયાના સ્વપ્નને સાકાર કરવા માટે પ્રથમ પેપરલેસ હોસ્પિટલનું નિર્ણાણ કરવામાં આવ્યું છે.

વડા પ્રધાનનો ૧૮ જાન્યુઆરી એટલે કે આજનો દિવસ ખૂબ જ વ્યસ્ત રહેશે. જેમાં તેઓ આજે સવારે નવમી ગુજરાત ગ્લોબલ વાઈબ્રન્ટ સમિટ ૨૦૧૯નું ઉદઘાટન પણ કરશે. તથા આંતરરાષ્ટ્રીય મહાનુભાવો સાથે વન ટુ વન ટેબલ બેઠકમાં સામેલ થશે. વડા પ્રધાન નરેન્દ્ર મોદી ગુજરાતમાં ત્રણ દિવસના રોકાણ કરશે.

આ વર્ષે પણ ગાંધીનગર હેલિપેડ ગ્રાઉન્ડ ખાતે ગ્લોબલ ટ્રેડ શોનું ભવ્ય આયોજન કરાયું છે. આ બે લાખ ચોરસ મીટર પ્રદર્શન અને સ્ટોલ વિસ્તાર ધરાવતો અત્યાર સુધીનો સૌથી મોટો ગ્લોબલ ટ્રેડ શો છે. આ વખતે અહીં પહેલી વખત બાયર-સેલર મિટ રિવર્સ બાયર-સેલર મીટ યોજાશે. જેમાં દેશ-વિદેશ અને સ્થાનિય ખરીદારો તથા વેચનારા ભેગા થશે. વિદ્યાર્થીઓ-અભ્યાસુઓ પણ આ મિટમાં જોડાશે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશન





દ્વારા તૈયાર કરાયેલી અદ્યતન સરદાર વલ્લભભાઈ પટેલ (SVP) હોસ્પિટલનું ઉદ્ઘાટન કરી દીધું છે. પીએમ મોદી આ હોસ્પિટલનું અંદરથી નીરિક્ષણ કર્યુ હતુ. આજે વડાપ્રધાન મોદી નવી વીએસ હોસ્પિટલનું ઉદ્ઘાટન કર્યું ત્યારે બીજી તરફ કોંગ્રેસ દ્વારા મોદી વિરુદ્ધ વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતુ.

આજથી જ હોસ્પિટલમાં ઓપીડીની સુવિધા શરૂ કરી દેવામાં આવશે. જયારે ઓપરેશન સહિતની સુવિધા ડિસઈન્ફેક્શન કરાયા બાદ ૪૮ કલાકમાં શરૂ કરી દેવાનું આયોજન છે. સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સ એન્ડ રિસર્ચ હોસ્પિટલ અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશન દ્વારા ૭૫૦ કરોડના ખર્ચે તૈયાર કરવામાં વી છે. આ હોસ્પિટલને નવી વીએસ હોસ્પિટલ તરીકે પણ ઓળખવામાં આવશે.

વડાપ્રધાન મોદીનો આજનો કાર્યક્રમ

- ૮.૨૦ સવારે રાજભવનથી રવાના
- ૮.૩૦ વાગે મહાત્મા મંદિર આગમન
- ૮.૩૦ થી ૯.૪૫ સુધી મહાનુભાવો સાથે વિચાર વિમર્શ
- સવારે ૧૦થી બપોરે ૧ વાગ્યા સુધી વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટના ઉદઘાટન સમારોહમાં હાજરી
- બપોરે ૧થી ૧.૩૦ આરક્ષિત સમય
- ૧.૩૦થી બપોરે ૨.૩૦ લંચ
- ૨.૩૦ વાગ્યાથી સાંજના સાડા પાંચ વાગ્યા સુધી આંતરરાષ્ટ્રીય મહાનુભાવો સાથે વન ટુ વન ટેબલ બેઠક
- સાંજે ૫:૩૦ થી ૬:૩૦ સુધી આંતરરાષ્ટ્રીય ફંડના વડાઓ સાથે રાઉન્ડ ટેબલ બેઠક
- સાંજે ૬.૪૦ થી ૭.૨૦ સુધી દાંડી કુટીર ખાતે લેઝર લાઈટ એન્ડ સાઉન્ડ શો નો પ્રારંભ કરાવશે
- ૭.૩૦ થી ૮.૩૦ મહાનુભાવો સાથે ગાલા ડિનર
- ૮.૩૫ વાગે દાંડી કુટીર થી રાજભવન રવાના
- ૮.૪૫ રાત્રે રાજભવન પહોંચશે અને રાત્રિ રોકાણ

વાઈબ્રન્ટ સમિટ દરમિયાન ભારત અને આફ્રિકા વચ્ચેના વ્યાપારિક સંબંધો વધુ ઘનિષ્ઠ બનાવવાના ભાગરૂપે યોજાઈ રહેલા આફ્રિકા ડેમાં આફ્રિકા ખંડના ૫૪ પૈકી ૫૨ દેશ ભાગ લઈ રહ્યા છે. આ દેશોના ૧૦૦૦ જેટલા પ્રતિનિધિઓ આ સંમેલનમાં ઉપસ્થિત રહ્યા છે.

અત્યાર સુધીમાં વીજીજીટીએસ ૨૦૧૯માં ૧૫ જેટલા દેશોના કન્ટ્રી પેવેલિયન સાથે કેનેડા, ફ્રાન્સ, જાપાન, પોલેન્ડ, દક્ષિણ કોરિયા, થાઈલેન્ડ, ધ નેધરલેન્ડ, યુએઈ, દક્ષિણ આફ્રિકા, સ્વીડન, ઉઝબેકિસ્તાન, ઝેક રિપિબ્લક, નોર્વે, ઓસ્ટ્રેલિયા અને મોરોક્કો જેવા દેશોના પેવેલિયન હશે. એક વિશાળ આફ્રિકા પેવેલિયનમાં આફ્રિકા ખંડનું પણ પ્રતિનિધિત્વ કરતા ૨૫ થી વધુ દેશો પણ ભાગ લેશે.

આ વખતે આશરે ૨ લાખ ચો.મી. જગ્યામાં એકઝીબીશન છે. જેનુ નામ ગ્લોબલ ટ્રેડ શો અપાયુ છે. આ ટ્રેડ શોમાં આશરે ૧૨૦૦થી વધુ એકઝીબ્યુટર્સ જોડાવાના છે. પ્રથમવાર બાયર-સેલર મિટ થવાની છે. ૧૫૫૦ ઓવરસીઝ - ડોમેસ્ટીક બાયર્સ ભાગ લેવાના છે. ૧૬ તો વિવિધ વિષયોને આવરી લેતા પેવેલિયનો તૈયાર કરાયા છે. ૨૫ થી વધુ દેશો પણ સામેલ છે. બાયર-સેલર મીટમાં અરસપરસ રસ ધરાવતાં વેપારીઓ સાથે બેઠકો યોજાશે. ખરીદનારા-વેચનારા વચ્ચે બેઠકો થશે. વેન્ડર-ડેવલપમેન્ટ કાર્યક્રમો, વ્યાપાર નેટવર્કિંગ, ટેકનિકલી મૂલ્યાંકન અને વ્યૂહાત્મક ભાગીદારીને મહત્ત્વ અપાશે. એમએસએમઈ અને જાહેર સાહસો સહિતના મોટા સ્કેલ એન્ટરપ્રાઈઝ વચ્ચે પણ ભાગીદારી વિકસાવવા માટે વેન્ડર ડેવલપમેન્ટ કાર્યક્રમોનું આયોજન કરાયું છે. ખરીદકર્તા-વિક્રેતાઓ વચ્ચે યોજાનારી આ બેઠકો દ્વારા ૨૦૦૦ કરોડ જેટલી રકમના વેપારની આપ-લે થશે. આ પ્રદર્શન ૧.૫ મિલિયન મુલાકાતીઓ અને વિશ્વના ૧૦૦થી વધુ દેશોના ૩૦૦૦ આંતરરાષ્ટ્રીયય ડેલિગેટ્સ આવી રહ્યા છે.

ભેદભાવને કારણે કોઇ અંતિમવિધીમાં પણ ન આવ્યું

આભડછેટ! દલિત યુવાને માતાની ડેડબોડી ૫ કિ.મી સાયકલ પર લઇ જવી પડી

ભૂવનેશ્વર

આ દેશમાં સવર્ણોને હવે અનામત મળી ગઇ પણ શું સમાજમાં સમરસતા આવશે ? દલિતો પ્રત્યેનો તેમનો આભડછેટનો વ્યવહાર બંધ થશે ? ઓરિસ્સામાં હદ્રયને હચમચાવી દે તેવી ઘટના સામે આવી છે. એક દલિત યુવાનની માતાનું મૃત્યુ થયું પણ ગામનાં કોઇ વ્યક્તિ તેની માતાની અંતિમક્રિયામાં કાંધ આપવા પણ ન આવ્યુ. કેમ કે, સૌને આભડછેટ નડતો હતો. અંતે તેણે તેની માતાની ડેડબોડીને સાયકલ પર લઇ જવી પડી અને એકલાએ અંતિમવિધી કરવી પડી.

દુનિયાની આ કદાચ સૌથી મોટી કમનસીબી હશે કે જ્યાં માણસો કોઇ વ્યક્તિને અંતિમક્રિયા આપવામાં પણ ભેદભાવ રાખે. આ દલિત યુવાનું નામ છે સરોજ. તેની માતા જાનકીને કફન ઓઢાડી તે પોતે જ સાયકલ પર અંતિમ ક્રિયા માટે લઇ જતો ફોટોમાં જણાય છે. સરોજની ઉંમર માત્ર ૧૭ વર્ષની છે. તે તેની માતાની ડેડબોડીને પાંચ કિલોમીટર સુંધી સાયકલ પર લઇ જાય છે અંતે જંગલ વિસ્તારમાં તેની અંતિમવિધી કરે છે.

તેની માતા જાનકી (૪૫) કુવે પાણી ભરવા ગઇ હતી પણ ત્યાં તેને ચક્કર આવતા પડી ગઇ અને ત્યાં જ મૃત્યુ થયું. જાનકીનાં પતિ પણ હયાત નથી. તેના પતિનાં મૃત્યુ પછી તે તેના પિયરમાં દિકરા સાથે રહેવા આવી ગઇ હતી અને ત્યાં તેનું મૃત્યુ થયું.

બીએસએફ કમાન્ડની શહીદીનો ભારતે ૪૮ કલાકમાં બદલો લીધો

ભારતીય સેનાનો જડબાતોડ જવાબઃ પાંચ પાકિસ્તાની સૈનિક ઠાર

શ્રીનગર

જમ્મુ-કાશ્મીરમાં સેનાના સરહદ સુરક્ષા દળ (બીએસએફ)ના સહાયક કમાન્ડર વિનય પ્રસાદની શહીદીનો બદલો ૫ પાકિસ્તાની સૈનિકોને મોતના ઘાટ ઉતારીને લીધો છે. ગુરુવારે ઉત્તરી સેનાના કમાન્ડરે કહ્યું કે, પાકિસ્તાન દ્વારા કરવામાં આવેલી ફાયરિંગના મૂંહતોડ જવાબમાં ભારતે પાંચ પાકિસ્તાની સૈનિકોને ઠાર માર્યા છે. તમને જણાવી દઇએ કે, પાકિસ્તાને ગુરુવારે જમ્મુ અને કાશ્મીરના પુંછ જિલ્લામાં સરહદ પારથી ગોળીબાર શરૂ કર્યો હતો. તે દરમિયાન પાકિસ્તાની સૈનિકોએ ભારતીય સૈનાની ચોંકીઓને નિશાને બનાવી હતી. પાક દ્વારા કરવામાં આવેલી ગોળીબારીના કારણે સ્થાનિક લોકોમાં ભયનો માહોલ ફેલાયો હતો. જો કે, ભારતીય જવાનોએ પાકિસ્તાની સૈનિકોને મુંહતોડ જવાબ આપ્યો અને તેમના ૫ સૈનિકોને મોતને ઘાટ ઉતાર્યા હતા. ગુરુવારે સવારે પાકિસ્તાની જવાનોએ નાના અને સ્વચાલિત હથિયારોનો ઉપયોગ કરી ખારી કરમારા વિસ્તારમાં ભારતીય ચોંકીઓને નિશાન બનાવી હતી. સૂત્રોએ કહ્યું, અમારા જવાનોએ અકારણ કરવામાં આવેલા સંઘર્ષ વિરામ ઉલ્લંઘનનો પ્રભાવી અને મુંહતોડ જવાબ આપ્યો હતો. ગોળીબાર સવારે લગભગ ૪.૩૦ વાગે શરૂ થયો અને આ સવારે ૬.૩૦ વાગ્યા સુધી ચાલ્યો હતો. અમારા તરફથી કોઇ જાનહાનિ કે નુકસાનના અહેવાલ મળ્યા નથી. સાથે ઉત્તરી સેનાના કમાંડરે પુંછમાં મીડિયા સાથેની વાતચીત દરમિયાન જણાવ્યું કે, પાકિસ્તાની ગોળીબારના જવાબમાં ભારતીય સેનાના જવાનોએ તેમના ૫ સૈનિકોને ઠાર માર્યા છે.

ભારતની આ કાર્યવાહીને બીએસએફના સહાયક કમાન્ડર વિનય પ્રસાદની શહીદીનો બદલો માનવામાં આવી રહ્યો છે. ગત મંગળવારે ઘાટીના સાંબા સેક્ટરમાં થયેલી ગોળીબારીમાં બીએસએફના સહાયક કમાન્ડર વિનય પ્રસાદ શહીદ થઇ ગયા હતા. ગુરુવારે તેમના શરીરને હાવડા તેમના નિવાસ સ્થાન પર લાવવામાં આવ્યો હતો. તે દરમિયાન મોટી સંખ્યામાં લોકો પણ પોતાના દેશના લાલના દર્શન કરવા માટે તેમના નિવાસ સ્થાને ભેગા થયા હતા.

બીએસએફ અધિકારીએ જણાવ્યું, આંતરરાષ્ટ્રીય સરહદ પર સહાયક કમાન્ડર વિનય પ્રસાદ અને તેમનું દળ ૧૦.૫૦ મિનિટે પેટ્રોલિંગ કરી રહ્યું હતું, ત્યારે તેમને ગોળી વાગી હતી. પાકિસ્તાની સ્નાઇપરોએ ગોળીબાર કર્યો, જેમાં અધિકારી ગંભીર રૂપથી ઘાયલ થયા હતા.

છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસથી હઝરત નિઝામુદ્દિન રેલ્વે વચ્ચે દોડાવાશે

મુંબઈ-દિલ્હી વચ્ચે દોડાવાશે એક વધુ રાજધાની એક્સપ્રેસ

દિલ્હી

મુંબઈ અને નવી દિલ્હી વચ્ચે અવારનવાર ટ્રેન પ્રવાસ કરનારાઓ માટે ખુશખબર છે. ભારતીય રેલવેએ આ બે સ્ટેશન વચ્ચે એક વધુ રાજધાની એક્સપ્રેસ દોડાવવાનો નિર્ણય લીધો છે. નવી રાજધાની એક્સપ્રેસને છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસથી હઝરત નિઝામુદ્દીન રેલવે સ્ટેશન વચ્ચે દોડાવવામાં આવશે.રેલવે મંત્રાલયે આ ટ્રેન ચલાવવા માટે મંજૂરી આપી દીધી છે.

નવી ટ્રેન ૨૬ જાન્યુઆરીના પ્રજાસત્તાક દિવસથી શરુ કરાય એવી ધારણા છે. તે મુંબઈથી દર બુધવાર અને શનિવારે રવાના થશે.આ જ ટ્રેન નવી દિલ્હી રેલવે સ્ટેશનેથી દર ગુરુવાર અને રવિવારે દોડાવાશે. આ ટ્રેન મુંબઈથી દિલ્હી વચ્ચેનું અંતર લગભગ ૨૦ કલાકમાં પૂરું કરશે. અહેવાલો અનુસાર, આ ટ્રેન મુંબઈના સ્ટેશનેથી બપોરે ૨.૨૦ વાગ્યે ઉપડશે અને બીજા દિવસે સવારે ૧૦.૨૦ વાગ્યે દિલ્હી પહોંચશે. વળતી સફરમાં, આ ટ્રેન દિલ્હીના હઝરત નિઝામુદ્દીન રેલવે સ્ટેશનેથી બપોરે ૩.૪૫ વાગ્યે ઉપડશે અને બીજા દિવસે સવારે ૧૧.૫૫ મુંબઈ પહોંચશે. આ ટ્રેન કલ્યાણ, નાશિક, જળગાંવ, ભોપાલ, ઝાંસી અને આગરા કેન્ટોનમેન્ટ સ્ટેશનોએ ઉભી રહેશે. આ ટ્રેનને મધ્ય રેલવે દોડાવશે. હાલ મુંબઈ-દિલ્હી વચ્ચે દોડાવાતી રાજધાની એક્સપ્રેસને પશ્ચિમ રેલવે દ્વારા દોડાવવામાં આવે છે.

જન્મ લેતુ દરેક બાળક દોઢ લાખ રૂપિયાનું દેવુ લઇ જન્મે છે

વધતી જતી વસ્તિ પર જલ્દી કાબૂ ન મેળવાય તો પાક.દેવાના બોજ હેઠળ બરબાદ થશેઃ પાક.સુપ્રિમ કોર્ટ

ઇસ્લામાબાદ

પાકિસ્તાનમાં ખતરનાક ઝડપે વધી રહેલી વસ્તી સામે સુપ્રીમ કોર્ટે સરકારને ચેતવણી આપી છે. સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટીસે કહ્યુ છે કે જો વધતી જતી વસ્તી પર જલ્દી કાબૂ નહી મેળવાય તો પાકિસ્તાન દેવાના બોજ હેઠળ સાવ બરબાદ થઈ જશે.હાલમાં પાકિસ્તાનમાં એવી સ્થિતિ છે કે ત્યાં જન્મ લેતુ દરેક બાળકના માથે દોઢ લાખ રુપિયાનુ દેવુ હોય છે.

પાકિસ્તાનમાં પણ આપણે બે, અમારા બેની માંગણી જોર પકડી રહી છે.સુપ્રીમ કોર્ટે તો કહ્યુ છે કે પાકિસ્તાનમાં જન્મ લેનારુ દરેક બાળક ટિક ટિક કરી રહેલો ટાઈમ બોમ્બ છે. પાકિસ્તાન એક માત્ર એવો દેશ છે જ્યાં દરેક બાળક દોઢ લાખ રુપિયાના દેવા સાથે જન્મ લે છે.આંકડા કહી રહ્યા છે કે પાકિસ્તાનની ૨૧ કરોડની વસ્તીમાં ૭ કરોડ લોકો ગરીબી રેખા નીચે જીવે છે.દેશ પર ૩૦૦૦૦ અબજનુ દેવુ છે.

ચીફ જસ્ટીસ સાકિબ નિસારે કહ્યુ છે કે ધાર્મિક વિદ્વાનો, નાગરિક સંગઠનો અને સરકારે વસ્તી નિયંત્રણના ઉપાયોને પ્રોત્સાહન આપવુ જોઈએ તેમજ દરેક પરિવારમાં બે બાળકોનો જ નિયમ લાગુ કરવો જોઈએ.નહીતર વસ્તી વધારો આગામી પેઢીઓ માટે ખતરનાક સાબીત થશે.

વસ્તી વધારો રોકવા નિયમો લાગુ કરવાની અરજી પર ચુકાદો આપતા ચીફ જસ્ટીસે કહ્યુ હતું કે આ માટે રાષ્ટ્રવ્યાપી આંદોલનની જરુર છે.કારણકે વધતી વસતીના કારણે પ્રાકૃતિક સંસાધનો પર ભારે દબાણ આવી રહ્યુ છે.હવે વસતી નિયંત્રણ માટે દેશ એક થાય તે જરુરી છે.

તેમણે સ્વાસ્થ્ય વિભાગની આકરી ઝાટકણી કાઢતા કહ્યુ હતુ કે સ્વાસ્થ્ય વિભાગ નથી વસતી વધારો રોકવાના ઉપાય બતાવી શકતો અને નથી તેને લાગુ કરી શકતો.હવે આ વિભાગે દર ત્રણ મહિને પ્રોગ્રેસ રિપોર્ટ કોર્ટને સુપરત કરીને કહેવુ પડશે કે આ માટે શું કામગીરી થઈ રહી છે.

ભાજપાથી તકલીફ છે તો શત્રુઘ્નસિંહા પાર્ટી છોડી કેમ દેતા નથી?: સુશીલકુમાર મોદી

પટના

એક્ટર અને રાજકારણી સાસંદ શત્રુઘ્ન સિન્હા ઘણા સમયથી નરેન્દ્ર મોદીનાં ટીકાકાર રહ્યા છે અને તેમની નીતિઓની આલોચના કરતા રહે છે પણ બિહાર ભાજપનાં નેતા અને બિહારનાં નાયબ મુખ્યમંત્રી સુશીલ કુમાર મોદીએ શત્રુઘ્ન સિન્હાને સવાલ કર્યો કે, જો તેમને ભારતીય જનતા પાર્ટીથી આટલા બધા પ્રશ્નો છે તો પછી એ છોડી કેમ દેતા નથી?

શત્રુઘ્ન સિન્હા બિહારથી ભાજપનાં સાસંદ તરીકે ચૂંટાયેલા છે. તેઓ ભાજપથી નારાજ એવા યશવંત સિન્હા સાથે સમગ્ર દેશમાં ફરે છે અને ભાજપ વિરુદ્ધ પ્રચાર કરે છે. ખાસ કરીને અમિત શાહ અને મોદીના કાર્યશૈલીની તેઓ ટીકા કરે છે. સુશીલ કુમાર મોદીએ કહ્યું કે, જે રીતે શત્રુઘ્ન સિન્હા ભાજપ વિશે વાતો કરે છે અને જે ભાષાનો પ્રયોગ કરે છે તે જોતા તેમણે ભાજપ છોડી દેવો જોઈએ. તેમણે સિન્હા પર સવાલ કરતા પુછ્યું કે, શા માટે તેઓ હજુ ભાજપમાં છે? તેઓ પાર્ટીનું અપમાન કરે છે અને છતાંય પાર્ટીમાં છે. તેઓ યસવંત સિન્હાની સંગતમાં ચાલ્યા ગયા છે." યશવંત સિન્હા પણ નરેન્દ્ર મોદી સરકારની ટીકા કરે છે અને જાહેરમાં મોદી સરકારની નીતિઓ વિશે બોલે છે. થોડા દિવસો પહેલા નરેન્દ્ર મોદીએ એક ન્યૂઝ એજન્સીને ઈન્ટરવ્યુ આપ્યો હતો પણ શત્રુઘ્ન સિન્હાએ મોદીની ટીકા કરતા કહ્યું હતું કે, મોદીનો ઈન્ટરવ્યુ ગોઠવણ વાળો હતો પણ તેણે સાચા પત્રકારોનો સામનો કરવો જોઈએ.

---

૩૨૫ સાંસદોએ થેરેસા મે સરકારના સમર્થનમાં તો ૩૦૬ સાંસદોએ વિરુદ્ધમાં મતદાન કર્યું

બ્રેક્ઝિટ ડીલ ૨૬ થયા બાદ થેરેસાએ જીત્યો વિશ્વાસ પ્રસ્તાવઃ વડાપ્રધાન પદે યથાવત્ રહેશે

લંડન

બ્રિટનની સંસદે બ્રિક્સિટ ડીલને નકારી દીધા બાદ વડાપ્રધાન થેરેસા મે સામે અવિશ્વાસ પ્રસ્તાવ મૂકવામાં આવ્યો હતો. જોકે, બુધવારે સંસદમાં થયેલા વોટિંગમાં થેરેસા મે સામે અવિશ્વાસ પ્રસ્તાવ ચાલ્યો ન હતો. આ માટે થયેલા વોટિંગમાં ૩૨૫ સાંસદોએ થેરેસા મે સરકારના સમર્થનમાં વોટિંગ કર્યું હતું, જ્યારે ૩૦૬ સાંસદોએ તેમની વિરુદ્ધ એટલે કે અવિશ્વાસના મતના સમર્થનમાં મતદાન કર્યું હતું. બ્રિક્સિટ ડીલને બ્રિટનની સંસદે નકારી દીધાની થોડી જ મિનિટોમાં વિપક્ષ લેબર પાર્ટીના નેતા જેરમી કોર્બિને જાહેરાત કરી હતી કે તેમની પાર્ટી સરકાર વિરુદ્ધ અવિશ્વાસ પ્રસ્તાવ લાવશે. કોર્બિને સંસદમાં થેરેસા મેની હારને વિનાશકારી ગણાવી હતી. તેમણે જણાવ્યું હતું કે આ હાર બ્રિટન માટે અંધારામાં આંધળી છલાંગ લગાવવા સમાન સાબિત થશે.

નોંધનીય છે કે બ્રિટન ૧૯૭૩માં ૨૮ સભ્યો ધરાવતા યુરોપિયન યુનિયનનું સભ્ય બન્યું હતું. ૨૯મી માર્ચના રોજ બ્રિટન ઈયૂ સાથે અલગ થવાનું હતું. ઈયૂથી અલગ થવાને માત્રે બે મહિના બચ્યા છે, પરંતુ બ્રિટન હજી સુધી એ નક્કી નથી કરી શક્યું કે તેણે શું કરવું છે.

બ્રિટનના વડાપ્રધાન થેરેસા મેનો બ્રેક્સિટને પાસ કરાવવાનો અંતિમ પ્રયાસ પણ અસફળ રહ્યો છે. બ્રિટનમાં લોકતંત્રની શરૂઆત થયા બાદ કોઈ પણ વડાપ્રધાનને મળેલી હારમાં આ સૌથી મોટી હાર છે. બ્રિટનના સાંસદોએ ૨૩૦ની બહુમતિથી થેરેસા મેની બ્રેક્સિટ ડીલને નકારી દીધી હતી.

થેરેસાના સમર્થનમાં ૨૦૨ સાંસદોએ વોટિંગ કર્યું હતું, જ્યારે તેના વિરોધમાં ૪૩૨ સાંસદોએ વોટિંગ કર્યું હતું. ત્યાં સુધી કે આ મતદાનમાં થેરેસા મેની કન્ઝર્વેટિવ પાર્ટીના ૧૧૮ સાંસદોએ વિપક્ષ સાથે મળીને ડીલની વિરોધમાં વોટિંગ કર્યું હતું. જોકે, સામે એ વાત પણ સાચી છે કે વિપક્ષી લેબર પાર્ટીના ત્રણ સાંસદોએ ડીલનું સમર્થન કરીને તેની તરફેણમાં મતદાન કર્યું હતું.

મહુવાની યુવતી સાથે દુષ્કર્મ આચર્યું હોવાની બિલીમોરાના તાંત્રિકની કબૂલાત

પોલીસે સાપુતારાના વૈશાલી ગેસ્ટ હાઉસનું એન્ટ્રી રજીસ્ટર કબજે કર્યું

સુરત

સુરત શહેર સહિત સમગ્ર દક્ષિણ ગુજરાતમાં ચકચારિત બિલિમોરાના તાંત્રિક દ્વારા આચરવામાં આવેલા દુષ્કર્મ પ્રકરણમાં મહુવા વિસ્તારની પીડિતાએ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવ્યા બાદ બારડોલી પોલીસી મથકના પીઆઈ નયન ચૌહાણ તપાસ શરૂ કરી હતી. આ તપાસ દરમિયાન મહુવાની પીડિતાને બબ્બે વાર સાપુતારા વૈશાલી ગેસ્ટ હાઉસમાં લઈ જઈ તેની સાથે દુષ્કર્મ આચર્યું હોવાની કબૂલાત તાંત્રિક શૈલેષ નાયકા દ્વારા પોલીસ સમક્ષ કરવામાં આવી હોવાનું તપાસ કરનારા અધિકારીએ જણાવ્યું હતું.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર બિલિમોરા-ચીખલીની ૨૧ વર્ષની અને બ્યુટીપાર્લર સાથે સંકળાયેલા યુવતિએ બિલિમોરા પોલીસ મથકમાં ઓરિયા-મોરીયા ઋવિસ્તારમાં રહેતા તાંત્રિક શૈલેષ નાયકા વિરુદ્ધ ફરિયાદ નોંધાવ્યા બાદ પોલીસે તેની બળાત્કારના ગુનામાં ધરપકડ કરી હતી. ત્યારબાદ મહુવા વિસ્તારની એક અપરિણીત યુવતિએ પોતાની સાથે પણ તાંત્રિક દ્વારા દુષ્કર્મ કરવામાં આવ્યું હોવાની ફરિયાદ નોંધાવતા પોલીસે બળાત્કારનો ગુનો નોંધી ટ્રાન્સફર વોરંટ દ્વારા શૈલેષ બાપુની ધરપકડ કરી કોર્ટમાં રજૂ કરી રિમાન્ડ મેળવ્યા હતા. પોલીસ રિમાન્ડ દરમિયાન તેણે પોલીસ સમક્ષ એવી પણ કબૂલાત કરી હતી કે, યુવતીને સાપુતારા વૈશાલી ગેસ્ટ હાઉસ ખાતે બબ્બેવાર લઈ ગયો હતો. જ્યાં તેણે યુવતીની મરજી વિરુદ્ધ બળાત્કાર ગુજાર્યો હતો. આ ગુનાની તપાસ કરનાર પીઆઈ ચૌહાણ ગેસ્ટ હાઉસના રજીસ્ટર પણ કબજે લીધા હતા.

દુષ્કર્મ કેસના આરોપી દિગમ્બર જૈનમુનિને કોર્ટમાં હાજર કરાયા

મુનિ શાંતિ સાગર મહારાજ સામે તા. ૨૪મીએ ચાર્જ ફ્રેમ કરાશે

સુરત

નાનપુરા-ટીમલીયાવાડ ખાતે આવેલા દિગમ્બર જૈન ઉપાશ્રય ખાતે દિગમ્બર જૈન મુની દ્વારા વડોદરાની એક યુવતિ સાથે દુષ્કમૃ આચરવામાં આવ્યું હતું. આ કેસમાં ઈન્સાફી કાર્યવાહી શરૂ થાય તે માટે આરોપી સામે ચાર્જ ફ્રેમ (તહોમતનામુ) ફટકારવાનો હતો, પરંતુ હવે ૨૪મી જાન્યુઆરીના રોજ તેની વિરુદ્ધ ચાર્જ ફ્રેમ કરવામાં આવશે. જોકે આરોપી શાંતિ સાગર મહારાજ કોર્ટ સમક્ષ શ્વેતવસ્ત્રો પહેરીને હાજર રહ્યા હતા. એવું પીડિતાના વકીલ મુખત્યાર શેખ તથા યાહ્યા શેખે જણાવ્યું હતું. જ્યારે બચાવ પક્ષે એડવોકેટ કલ્પેશ અને વિરલ ચલીયાવાળા ઉપસ્થિત રહેશે.

આ કેસની વિગતો એવી છે કે, દિવાળી ૨૦૧૭ દરમિયાન નાનપુરા-ટીમલીયાવાડ ખાતે આવેલા દિગમ્બર જૈન ઉપાશ્રય ખાતે દિગમ્બર જૈન મુનિ શાંતિ સાગર મહારાજ દ્વારા વડોદરા ખાતે રહેતી અને અમદાવાદ ખાતેની ફેશન ડિઝાઈનીંગ કોલેજમાં અભ્યાસ કરતી યુવતિ સાથે દુષ્કર્મ આચરવામાં આવ્યું હતું. અઠવા પોલીસ મથકમાં આરોપી સામે બળાત્કારનો ગુનો દાખલ કરવામાં આવતા પોલીસે તેની ધરપકડ કરી લાજપોર જેલમાં મોકલી આપ્યો હતો. આરોપી છેલ્લા ૧૫થી વધુ મહિનાની લાજપોર જેલમાં છે. પોલીસ દ્વારા ચાર્જશીટ રજૂ કરાયા બાદ તેની સામે તહોમતનામુ ફટકારવાનુ હતુ. પરંતુહવે ૨૪મી જાન્યુઆરીના રોજ ચાર્જ ફ્રેમ થવાની શક્યતાઓ રહેલી છે.

ફેસબુક સાઇટ ઉપર ડમી એકાઉન્ટ બનાવી બિભત્સ ગાળો આપનાર આરોપીની ધરપકડ કરતી સાયબર ક્રાઇમ સેલ ભરૂચ

પોલીસ મહાનિરીક્ષક અભય ચુડાસમા સાહેબ વડોદરા રેન્જ તથા ભરૂચ જીલ્લાના પોલીસ અધિક્ષક રાજેન્દ્રસિંહ ચુડાસમાં સાહેબનાઓએ જીલ્લામાં બનતા સાયબર ક્રાઇમને લગતા ગુનાઓ અટકાવવા અંગે આપેલ સુચના તથા એલ.સી.બી. ઈન્ચાર્જ પોલીસ ઈન્સ્પેક્ટર પી.એન. પટેલ સાહેબશ્રીનાઓએ આપેલ માર્ગદર્શનના આધારે, અંક્લેશ્વર શહેર પોલીસ સ્ટેશનનાં ગુ.ર.નં- ૦૮/૨૦૧૯ આઈ.પી.સી. એક્ટ કલમ- ૫૦૪ તથા ઈન્ફોરમેશન ટેકનોલોજી એક્ટ-૨૦૦૦ ની કલમ ૬૬(સી) મુજબના કામે સાયબર ક્રાઇમ સેલની એક ટીમને મોબાઈલ ધારકની તપાસમાં ઔરંગાબાદ (મહારાષ્ટ્ર) ખાતે મોકલી આપેલ અને તેઓ આરોપી હિતેન્દ્ર પ/૦ નમનભાઈ કુલકર્ણી હાલ રહે - રૂમ નં.૯, બજાજ નગર, મોટા દેવી મંદિર પાસે, ઔરંગાબાદ મૂળ રહે - મુ.પો. સામોદે, તા. સાકરી, થાના- પીંપલનેર, જી.ધુલે (મહારાષ્ટ્ર) ને લઇ આવતા અત્રેની એલ.સી.બી. કચેરી ખાતે લાવી ગુના સંબંધે ઘનિષ્ઠ અને ઉંડાણપૂર્વક પુછપરછ કરતા તેણે સોનાલી શર્મા નામનું ડમી ફેસબુક એકાઉન્ટ બનાવી ફેસબુક મેસેન્જર એપ્લીકેશન મારફતે આ કામનાં ફરીયાદીને બિભત્સ ગાળો આપેલ હોવાની કબુલાત કરતા આરોપીની ૮૧૨૮ ૪૧ (૧) એ મુજબ ધરપકડ કરી ભરૂચ શહેર બી ડીવીઝન નોંધ કરાવડાવી વધુ કાર્યવાહી માટે અંક્લેશ્વર શહેર પોલીસ સ્ટેશન ખાતે મોકલી આપેલ છે.

ટેક્સટાઈલ્સ માર્કેટોમાં વેરાની વસૂલાત અંગે ૫૯ જેટલી દુકાનોને સીલ મરાયા

લીંબાયતના ઈન્ડસ્ટ્રીયલ પલોટ પણ ટાંચમાં લેવાયા

સુરત

સાઉથ ઈસ્ટઝોનના ડે.કમિશનર સૂચના અને આસી. કમિશનરના માર્ગદર્શન હેઠળ આકારણી અને વેરા વસુલાત વિભાગના સ્ટાફ દ્વારા તા.૧૬-૧-૨૦૧૯ના રોજ રીંગરોડ માર્કેટ એરિયામાં આવેલ અભિનંદન માર્કેટ, અભિષેક માર્કેટ, ગુડલક માર્કેટ, જય રાધે માર્કેટ, જે.ડી. માર્કેટ, રાધે માર્કેટ, ન્યુ લક્ષ્મી માર્કેટ, એમ.જી. માર્કેટ, મિલેનિયમ માર્કેટ વગેરે માર્કેટોમાં વેરા વસૂલાતની કામગીરી ધનિષ્ઠ બનાવવામાં આવતા લાંબા સમયથી વેરો ભરપાઈ ન કરતા કરદાતાઓમાં ફફડાટ ફેલાયો હતો. જેમાં ૫૯ જેટલી મિલ્કતોને ટાંચમાં લઈ સીલ કરવામાં આવેલ છે. આથી ઘણાં કરદાતાઓએ સ્થલ પર જ રૂ.૮,૭૨,૪૫૦ થી વધુની રકમની વસૂલાત કરી દીધેલ છે. વધુમાં લીંબાયત નારાયણ નગર વિસ્તારમાં આવેલ ઈન્ડસ્ટ્રીયલ ઓપન પ્લોટ વાળી જગ્યા ટાંચમાં લેવાના બોર્ડ મારતા સ્થળ ઉપર રૂ.૧,૯૫,૬૫૫ થી વધુ રકમની વેરા વસૂલાત કરવામાં આવેલ છે.

વધુમાં તા.૩૧ માર્ચ ૨૦૧૯ સુધીમાં સાઉથ ઈસ્ટ ઝોન લીંબાયતમાં આવેલ તમામ ઈન્ડસ્ટ્રીયલ તેમજ કોમર્શિયલ વિસ્તારમાં પણ લાંબા સમયથી વેરો ભરપાઈ ન કરતા કરદાતાની મિલ્કતોને ટાંચમાં લઈ સીલીંગની કાર્યવાહી કરવામાં આવનાર છે. તથા રેસીડેન્સ એરિયામાં બાકીદારોની મિલ્કતોમાં નળ કનેકશન તેમજ ડ્રેનેજ કનેકશન કાપવની ઝુંબેશ કરવામાં આવનાર છે. આથી જે કરદાતાઓને મિલકત વેરો બાકી છે. તેમણે ઝોન ઓફિસ તથા સીવીક સેન્ટરનો સંપર્ક કરી તાત્કાલિક વેરો ભરવા ખાસ જણાવવામાં આવે છે.

ઠગાઈના ગુનામાં હરિયાણા પોલીસના જાપ્તામાં રહેલો ઐયુબ કાપડિયા નવી સિવિલમાંથી ફરાર

સુરત જિલ્લા એલસીબીએ ઐયુબ કાપડિયાને પકડી હરિયાણા પોલીસને સોંપી દીધો હતો હરિયાણા પોલીસને ચકમો આપી ઐયુબ કાપડિયા હોસ્પિટલમાંથી પાંચ લોકોની મદદથી ભાગી છૂટયો

સુરત

હરિયાણામાં ઠગાઈના કેસમાં પકડાયેલો સુરતનો આરોપી હાજી ઐયુબ કાપડિયા નવી સિવિલ હોસ્પિટલમાં હરિયાણા પોલીસના જાપ્તામાંથી નાસી છૂટયોય હતો. હરિયાણા પોલીસે ભાગી જનાર ઐયુબ કાપડિયા સહિત છથી વધુ વ્યકિતની સામે ગુનો દાખલ કરાવ્યો હતો.

પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ ૨૦૧૭માં હરિયાણા ગુરૂગ્રામ પોલીસ લાઈન્સમાં નોંધાયેલા રૂા. ૭૧ લાથી વધુના ઠગાઈ કેસમાં આરોપી ઐયુબ ઈબ્રાહીમ કાપડિયા સહિતના આરોપીઓ વિરુદ્ધ ધરપકડ વોરંટ ઈસ્યુ થયા હતા. આ અનુસંધાને સુરત ગ્રામ્ય એલસીબી પીઆઈ ચુડાસમા એ બાતમીના આધારે તા. ૧૫મીએ આરોપી હાજી ઐયુબ ઈબ્રાહિમ કાપડિયા (રહે. રહેમાની એપાર્ટમેન્ટ, જીલાની કોમ્પલેક્ષ પાસે અડાજણ પાટિયા)ની ધરપકડ કરી હરિયાણા પોલીસને જાણ કરી હતી. જેથી હરિયાણા પોલીસની ટીમે આરોપીનો કબજો લઈ હરિયાણા પરત ફરતા હતા ત્યારે આરોપીનું બી.પી. વધીજતાં કામરેજની સરકારી હોસ્પિટલમાં લઈ જવાયો હતો. જ્યાંથી વધુ સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલમાં લવાયો હતો. જ્યાં આરોપી હાજી ઐયુબ કાપડિયાના સંબંધીઓ યાસર હાજી, ઐયુબ કાપડિયા, વસીમ, શબ્બીર પાપડ, આમીર નવાજ અન્ય માણસો ધસી આવી જાપ્તાના પોલીસને ધક્કો મારી આરોપીને મોટર સાઈકલ ઉભા બેસાડી ભગાડી ગયા હતા. આ બનાવ સંદર્ભે હરિયાણાના એએસઆઈ દલબીરસિંગ હરિચંદે ખટોદરા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

સર્વધર્મ રાહત દર દવાખાનાના ટ્રસ્ટનો ત્રિદશાબદી વર્ષની ઉજવણી

સુરત

રાહતદરનું સર્વધર્મ જૈન સાર્વજનિક ટ્રસ્ટ હોમિયોપેથિક દવાખાનું સંસ્થાની ત્રિદશાબ્દિ વર્ષની ઉજવણી પૂજય બંધુત્રીપુટીજીના શ્રી જીનચંદ્રજી મહારાજ સાહેબના સાનિધ્યમાં તા.૨૦-૧-૨૦૧૯ રવિવારના રોજ સાર્વજનિક મિડલ સ્કૂલ ગોપીપુરા સુરત ખાતે આયોજન કર્યું છે.ઉજવણી કાર્યક્રમમાં પૂજ્ય જિનચંદ્રજી મહારાજ સાહેબ આશીર્વચન પ્રવચન આપશે. સાથે સમારંભના પ્રમુખ સ્થાને હર્ષદકુમાર ધનસુખલાલ અક્કલવરજી પ્રમુખ રાંદેર જૈન સંઘ ખાસ પધારશે. સમારંભમાં અતિથિ વિશેષ જૈન શ્રેષ્ઠી ભારતીબેન સૂરચંદભાઈ ઝવેરી પધારશે. સાથે જ સમારંભના અતિથિ વિશેષ જૈન શ્રેષ્ઠી ભાનુકુમાર નેમચંદજી શાહ પધારશે. જેઓ શહેરની અન્ય સંસ્થામાં પણ સેવા આપી રહ્યા છે. સાથે જ શહેરના અન્ય જૈન દાતાઓ અને જૈન સમાજના શ્રેષ્ઠીશીઓ પધારશે.સંસ્થા ત્રીસ વર્ષથી હોમિયોપેથિક દવાખાનું અને જૈન લેબોરેટરીની સેવા સર્વધર્મના લોકોને રાહતદરે આપીએ છીએ અને સર્વ સમાજના લોકો તેનો લાભ લે છે. ત્રિદશાબ્દી વર્ષની ઉજવણી રૂપે ૩૦ દિવસની દવા દરેક પેશન્ટને ફ્રી આપવાનું નક્કી કરવામાં આવ્યું છે.

સંસ્કાર ભારતીની વિદ્યાર્થીની નિષ્ઠા ત્રિવેદીએ નેશનલ ટેનિસ સ્પર્ધામાં ૩ ગોલ્ડ મેડલો જીત્યા

રાંદેર રોડ સ્થિત સંસ્કાર ભારતી વિદ્યાલયની વિદ્યાર્થીની નિષ્ઠા ત્રિવેદીએ 'પંજાબ બીચ ટેનિસ એસોસિએશન' દ્વારા આયોજિત નેશનલ લેવલની ટેનિસ સ્પર્ધામાં ભાગ લીધો હતો. જેમાં તે ગુજરાતનું પ્રતિનિધિત્વ કરી રહી હતી. આ સ્પર્ધામાં ૩ કેટેગરીમાં નિષ્ઠાએ ગોલ્ડ મેડલ પ્રાપ્ત કર્યા છે. તેણે 'જુનિયર વુમન સિંગલ', જુનિયર વુમન ડબલ્સ,' મિક્સ ડબલ્સ આમ સતત ૩ કેટેગરીમાં ગોલ્ડ મેડલ પ્રાપ્ત કરી સમગ્ર ગુજરાત રાજ્યને ગૌરવ અપાવ્યું છે. નિષ્ઠા ત્રિવેદી સંસકાર ભારતી વિદ્યાલયમાં અંગ્રેજી માધ્યમમાં ધો.૯માં અભ્યાસ કરે છે. તેની આ સિદ્ધિ બદલ સમગ્ર શાળા પરિવાર ખૂબ જ ગૌરવની લાગણી સહ તેને શુભેચ્છા પાઠવે છે.









વલસાડ જિલ્લા કક્ષાના પ્રજાસત્તાક પર્વની ઉજવણી નાનાપોંઢા ખાતે થશે



પ્રજાસત્તાક પર્વની ઉજવણી સંદર્ભે બેઠક મળી

વલસાડ

વલસાડ જિલ્લા કક્ષાના આગામી પ્રજાસત્તાક પર્વની ઉજવણી કપરાડા તાલુકાના નાનાપોંઢા ખાતેના સિલ્વા જંગલ કામદાર મંડળીની સામે સરકારી પડતર જગ્યાના ગ્રાઉન્ડ ખાતે કરવામાં આવનાર છે. આ ઉજવણીના સુચારુ આયોજન સંદર્ભે જિલ્લા કલેકટર સી.આર. ખરસાણના અધ્યક્ષસ્થાને કલેકટર કચેરી ખાતે બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં નાનાપોંઢા ખાતે યોજાનાર ધ્વજવંદન કાર્યક્રમ દરમિયાન વિવિધ વિભાગોએ કરવાની થતી કામગીરી બાબતે વિસ્તૃત ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી. રંગારંગ સાંસ્કૃતિક કાર્યક્રમો, સરકારી મકાનોમાં રોશની, ટેબ્લોઝ, માર્ચ પાસ્ટ, શ્રેષ્ઠ કામગીરી બદલ રમતવીરો, અધિકારી, કર્મચારીઓનું સન્માન સહિતનું આયોજન અંગે ચર્ચા કરવામાં આવી હતી.

આ અવસરે જિલ્લા વિકાસ અધિકારીશ્રી ડી.પી.દેસાઈ, નાયબ નિવાસી અધિક કલેકટર શ્રી કમલેશ બોર્ડર, પ્રાયોજના વહીવટદારશ્રી ચુડાસમા સહિત અમલીકરણ અધિકારીઓ હાજર રહ્યા હતા.

અહંકારીરૂપી ફુગ્ગો અપમાનરૂપી એક ટાંકણીથી ફુટી જાય પ.પૂ. મહંત સ્વામી

૧૫૦૦૦ થી વધુ ભાવિકો સ્વામીશ્રીની દિવ્ય પૂજાના દર્શન કરી અભિભૂત થયા

સુરત

પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજના આગમને સુરના ભક્તોમાં અનેરો ઉત્સાહ છવાયો છે. ગઈકાલે વહેલી સવારે ૫.૧૫ કલાકે પ.પૂ. સ્વામીની પ્રાત:પૂજામાના દર્શન કરવા માટે માનવ મહેરામણ ઉમટ્યું હતું. સ્વામીશ્રીની પ્રાત: પૂજના દર્શન કરવા માટે માનવ મહેરામણ ઉમટ્યું હતું.સ્વામીશ્રીની પૂજામાં બાળકો યુવાનો અને સંતોએ સુમધુર અવાજમાં કીર્તનોનું ગાન કર્યું હતું. ઉપરાંત નાના નાના ભૂલકાઓએ ભગાવન શ્રી સ્વામીનારાયણ પ્રબોધિત વચનામૃતનો મુખપાઠ રજૂ કરીને સમગ્ર વાતાવરણને ભક્તિમય બનાવ્યું હતું. આ નાના બાળકોના મુખે વચનામૃત અમૃતબિંદુઓ સાંભળી સૌ કોઈ આનંદિત થયા હતા અને સ્વામીશ્રી શિશુઓ બાળકો પર અતિ પ્રસન્ન થયા હતા. આ સાથે વિશેષ સ્વામીશ્રીએ વચનામૃત પર કથાવાર્તાનો પણ અદ્‌ભુત લાભ આપ્યો હતો. સ્વામીશ્રીએ આર્શીવચન આપતા કહ્યું હતું. શુભ કર્મો કરતા થકા મોક્ષ થાય છે. શ્રીજી મહારાજ અને સત્પુરૂષ મળ્યા છે એટલે જન્મ મરણના ચકરાવામાં બ્રેક લાગી ગઈ છે. જન્મ મરણનાં ચક્રમાંથી મુક્તિ મળી ગઈ. માટે અવળા વિચારો ન કરવા. અહંકાર ન રાખો. અહંકારરૂપી ફુગ્ગો અપમાનરૂપી એક ટાંકણીથી ફૂટી જાય. અહંકાર ન રહે તે આ સત્સંગનું ફળ છે. વહેલી સવારે ૧૫૦૦૦ થી વધુ ભાવિકો સ્વામીશ્રીની પૂજા દર્શનનો લાભ લઈને ધન્ય થયા હતા. આજે અને તા.૨૧-૨૨ જાન્યુઆરીના રોજ સ્વામીશ્રીની પ્રાત: પૂજાના દર્શન રાખવામાં આવેલ નથી. એ સિવાઈ તા.૨૯ જાન્યુઆરી સુધી દરરોજ સવારે ૫.૧૫ થી ૭.૧૫ કલાક સુધી સ્વામીશ્રીની પૂજાના દિવ્ય દર્શનનો લાભ બી.એપી.એસ. સ્વામીનારાયણ મંદિર, અડાજણ ખાતે મળશે.

ચાઈના ટાઉન પાસે રહેતી ૨૧ વર્ષીય નિકીતાબેન પટેલ ગુમ

સુરત

ખટોદરા પોલીસ સ્ટેશનના જણાવ્યાનુસાર તા.૨૫/૧૨/૨૦૧૮ના રોજ સી-રો હાઉસ, ચાઈનાગેટ, ઉધના મગદલ્લા રોડ ખાતે રહેતા ૨૧ વર્ષના નિકીતાબેન મહેશભાઈ પટેલ કોઈને કહ્યા વગર કયાંક ચાલ્યા ગયા છે. જે શરીરે પાતળા બાંધાના, રંગે ધઉવર્ણી, ઉચાઈ ૪.૬ ફુટ છે. બ્લ્યું રંગનું ટી-શર્ટ તથા કાળા રંગનું જીન્સ પેન્ટ પહેર્યું છે. ગળાના નીચેના ભાગે કાળા રંગના ડાંગનું નિશાન છે. જે કોઈને ભાળ મળે તો ખટોદરા પોલીસ સ્ટેશન અથવા નજીકના પો.સ્ટે.નો સંપર્ક સાધવા જણાવાયું છે.

દક્ષિણ ગુજરાતમાં ઠંડીનું પ્રમાણ ઘટતા લોકોને રાહત : વલસાડમાં ૧૨ ડિગ્રી

સુરત

ઉત્તરાયણ બાદ દક્ષિણ ગુજરાતના તાપમાનમાં નજીવો સુધારો જોવા મળતા ઠંડીથી રાહત મળી રહી છે. છેલ્લા બે દિવસથી દિવસ દરમિયાન અને રાત્રિના તાપમાનમાં આંશિક વધારો નોંધાયો છે. આગામી દિવસોમાં ઠંડીનું જોર ઘટે તેવી શક્યતા છે.

સુરત હવામાન વિભાગના સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ આજે શહેરનું અધિકત્તમ તાપમાન ૩૨.૮ ડિગ્રી અને ન્યુનત્તમ તાપમાન ૧૬ ડિગ્રી નોંધાયું છે. હવામાં ભેજનું પ્રમાણ ૭૮ ટકા અને હવાનું દબાણ ૧૦૧૫.૯ મીલીબાર નોંધાયું છે. શહેરમાં ઉત્તર દિશાથી કલાકના ૨ કિલોમીટરની ઝડપે પવન ફૂંકાઈ રહ્યો છે. ઉત્તરાયણ બાદ છેલ્લા બે દિવસથી તાપમાનમાં સુધારો થતા ઠંડી આંશિક રાહત મળી રહી છે.

નવસારી હવામાન વિભાગના સૂત્રો દ્વારા મળતી માહિત મુજબ આજે શહેરનું ન્યુનત્તમ તાપમાન ૧૦.૩ ડિગ્રી નોંધાયું છે. નવસારીમાં પણ ઠંડીથી રાહત અનુભવાઈ રહી છે. વલસાડ હવામાન વિભાગના સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ આજે શહેરનું ન્યુનત્તમ તાપમાન ૧૨.૧ ડિગ્રી નોંધાયું છે. દક્ષિણ ગુજરાતમાં તાપમાનમાં સુધારો નોંધાયો છે. સમગ્ર રાજ્યમાં ઠંડીનું જો ઘટયું છે. સૌથી વધુ ઠંડી રાજ્યમાં ૮.૯ ડિગ્રી ગાંધીનગર ખાતે નોંધાઈ છે. નવસારીમાં પણ આ ઠંડીનો ચમકારો અનુભવાયા બાદ ઠંડી ઓછી થવા પામી છે. આની સાથે વલસાડમાં પણ આ ૧૨ ડિગ્રી અને સુરતમાં ૧૬ ડિગ્રી લઘુત્તમ તાપમાનના વધાર સાથે આ સાથે ઉત્તરાણ બાદ ઠંડી ઓછી થવા માંડી છે.

હાલરથી ૮૨ વર્ષીય વૃદ્ધ ગુમ થયા છે

હાલર ખાતે, નિપુલ એપાર્ટમેન્ટમાં રહેતા દિલીપભાઈ મણિભાઈ દેસાઈ તા.૭/૧૦/૧૮ના રોજ ઘરેથી કોઈને કંઈપણ કહ્યા વગર જતા રહ્યા છે. જેમની સગા-સંબંધિઓને ત્યાં તપાસ કરતાં પણ તે મળી આવ્યા નથી. ગુમ થનારની ઉંમર ૮૨ વર્ષ, મોઢું લંબગોળ, રંગે ઘઉંવર્ણ, પાતળો બાંધો, ઊંચાઈ ૭.૫ ફૂટ, શરીરે પેન્ટ-શર્ટ તથા સ્લીપર પહેરી છે. જે ગુજરાતી, હિન્દી, મરાઠી અને અંગ્રેજી ભાષા જાણે છે, પણ ચોખ્ખું બોલી શકતા નથી.

ઝાડમાં પતંગ દોરામાં પક્ષીઓ ફસાયા હોવાના સંખ્યાબંધ કોલ

સુરત

ઉત્તરાયણ પૂર્ણ થયા બાદ શહેરમાં ઠેર-ઠેર પતંગની દોરી લટકતી હાલતમાં જોવા મળે છે આ દોરીમાં પક્ષીઓ ફસાઈ જવાનો બનાવો અંગે ફાયર વિભાગને વિવિધ વિસ્તારોમાંથી આજે પણ સંખ્યાબંધ કોલ મળી રહ્યા છે. ફાયર વિભાગના સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ આજે સવાર પાાંચ છ કોલપતંગની દોરીમાં પક્ષીઓ ફસાઈ જવાના મળ્યા છે. બનવાની જાણ થતા જ ફાયરની ટીમ સ્થળ ઉપર જઈ ઝાડ કે વાયરની સાથે પતંગની દોરીની ગુલમાં ફસાયેલ મુંગા પક્ષીઓને બચાવવાની કામગીરી ફાયર વિભાગ દ્વારા કરવામાં આવી છે. ફાયર વિભાગ અને નેચર કલબ દ્વારા શહેરીજનોને અપીલ કરવામાં આવી છે કે પતંગ ચગાવ્યા બાદ આમ તેમ પડેલ પતંગની દોરીન યોગ્ય નિકાલ કરવો. દોરીમાં સફાઈ જવાથી પક્ષીઓને ઈજા થતા મૃત્યુ થવાની સંભાવના વધારે રહે છે.













પાંચ વર્ષ બાદ સૌ પ્રથમ વખત ૪૩૦ હિન્દુ લોકોને ધર્મપરિવર્તન કરવા સરકારની મંજૂરી

સુરતમાં બૌધ્ધ ધર્મ દીક્ષા અંગીકાર પ્રમાણપત્ર વિતરણ કાર્યક્રમમાં સુરતના કલેક્ટર ડો. ધવલ પટેલ પણ હાજરી આપશે

સુરત

તા. ૧૯/૧/૧૯ના રોજ શનિવારે ગોડાદરા મંગળ પાંડે કોમ્યુનિટી હોલ ખાતેયોજાનારા બૌધ્ધ ધર્મદીક્ષા અંગીકાર સમારોહમાં ચીફ કમિશનર સુબચ્ચન રામ સાહેબ અને સુરત જિલ્લા કલેક્ટર ડો. ધવલ પટેલ ઉપસ્થિત રહેશે. એકી સાથે ૪૩૦ વ્યકિત બૌદ્ધ ધર્મ અપનાવશે.

મળતી માહિતી મુજબ ધર્મ પરિવર્તન માટે ૫૦૦થી વધુ વ્યકિતએ સુરત કલેક્ટરને અરજી કરી હતી. આખરે પાંચ વર્ષબાદ ૪૩૦ વ્યકિતને બૌદ્ધ ધર્મ અપનાવવા માટેની અરજી મંજૂર કરવામાં આવી હતી. જેને પગલે બૌદ્ધ ધર્મ દીક્ષા અંગીકાર સમિતિના કન્વીનર પરિક્ષીત રાઠોડ, રાજેશ સૂર્યવંશી, ઉખડુ લાલચંદ, નારાયણ જાદવ, વિષ્ણુ જગદેશ વિગેરેએ બૌદ્ધ ધર્મ સ્વીકારનાર ૪૩૦ વ્યકિતને પ્રમાણપત્ર વિતરણ કરવા માટે તા. ૧૯મી શનિવારે એક સમારોહનું આયોજન કરવામાં આવ્યું છે. આ સમારોહનું ઉદઘાટન કલેક્ટર ડો. ધવલ પટેલ કરશે. જ્યારે ચીફ કમિ. ઈન્કમટેક્ષ સુબચ્ચન રામ સાહેબ મુખ્ય અતિથી તરીકે ઉપસ્થિત રહેશે. સુરત શહેરમાં પ્રથમ વખત બૌદ્ધ ધર્મ દીક્ષા અંગીકાર સમારોહ સુરત શહેરમાં થઈ રહ્યો છે.

ભરૂચની નર્સીસે પડતર માંગણીઓ લઈને યુનિફોર્મનો બહિષ્કાર કરીને વિરોધ નોંધાવ્યો



યુનાઈટેડ નર્સીસ ફોરમ દ્વારા વણ ઉકેલ્યા પડતર પ્રશ્નોની રજુઆત છતાં ઉકેલ ન આવતા ૧૬ જાન્યુઆરીથી રાજયની નસ'સ કર્મચારીઓ દ્વારા યુનિફોર્મનો બહિષ્કાર કરી સાદા રંગીન પહેવેશ પહેરીને ઉપર ખાલી એપરન પહેરીને ફરજ બજાવવા માટે હાજર રહ્યા હતા. સરકાર દ્વારા રાજયના નર્સીસને ગ્રેડ, નસ'ગ એલાઉન્સ યુનિફોર્મ અને વોશીંગ એલાઉન્સ જેવા ખાસ ભથ્થાઓ, જીએમઈઆરએસ સેકટરના નર્સીસને સાતમા પગારપંચ લાભ જેવી અનેક બાબતોની સરકાર સમક્ષ રજુ કરેલા હોય છતાં પણ કોઈ કાર્યવાહી ન કરવામાં આવતા રાજયના નસ'ગ સ્ટાફ દ્વારા યુનિફોર્મનો બહિષ્કાર કરીને યોગ્ય નિરાકરણ નહિ આવે ત્યાં સુધી યુનિફોર્મનો બહિષ્કાર કરવાની ચીમકી ઉચ્ચારી છે.તથા સરકાર દ્વારા જરૂરી પગલા લેવામાં નહી આવે તો આંદોલનને ઉગ્ર પગલા તરફ લઈ જવામાં આવશે તેવું યુનાઈટેડ નર્સીસ ફોરમના પ્રેસિડેન્ટ આઈ.એ કડીવાલા અને સેક્રેટરી ધવલ પટેલે યાદીમાં જણાવ્યું હતું.

મેડિકલ, ડેન્ટલ, ફીઝીયોથેરાપી અને અન્ય શાખાઓમાં સ્ટાઈપેન્ડમાં થયેલા ઉત્તરોતર વધારા દરમિયાન નસ'ગ સ્ટુડન્ટના સ્ટાઈપેન્ડના વધારાની કોઈ જ કાળજી ન લેવાથી સમાન પગાર સિધ્ધાંતનું સરકાર દ્વારા પાલન થાય એવું અનિવાર્ય છે તેમ ઉમેર્યું હતું.

કેન્દ્ર સરકાર ધ્વારા નવતર અભિગમ

વલસાડ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં શૌચાલય શણગાર હરિફાઈ



શૌચાલયના માલિકને રાષ્ટ્રીય કક્ષાના સમારંભમાં પુરસ્કાર એનાયત કરાશે

વલસાડ

વલસાડ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) પેયજળ અને સ્વચ્છતા મંત્રાલય, ભારત સરકાર ધ્વારા તા.૦૧/૦૧/૨૦૧૯ થી ૩૧/૦૧/૨૦૧૯ દરમ્યાન સ્વચ્છ સુંદર શૌચાલય હરીફાઈનું એક ઝુંબેશના રૂપમાં આયોજન કરવામાં આવેલુ છે. આ હરીફાઈમાં વલસાડ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોના નાગરિકો ભાગ લઈ શકશે.

ઘરના વ્યકિતગત શૌચાલયને પેઈન્ટિંગ (કલરકામ) અને ડેકોરેશન દ્વારા કલાત્મક શણગાર કરીને ઈનામ જીતી શકાશે. વ્યકિતએ તેઓના ઘરના શૌચાલયમાં સ્વચ્છતાને લગત તથા આરોગ્યને લગતા ચિત્રો કે સુત્રો દોરવાના રહેશે. શૌચાલય ઉપર પેઈન્ટિંગ દ્વારા કરેલ ચિત્રો એને શણગારનો ફોટોગ્રાફ પાડવાનો રહેશે. અને આ ફોટોગ્રાફસ ગ્રામપંચાયત તલાટી કમ મંત્રીને વોટ્સએપ દ્વારા અથવા ક્લર કોપી સાથે રજૂ કરવાના રહેશે. વ્યકિતએ પોતાની વિગતો (નામ, સરનામુ તથા મોબાઈલ નંબર) આપવાની રહેશે. તેમજ આ વિગતો જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી વલસાડના ઈમેલ apotsc.vld@gmail.com પર ઈમેલ કરવાના રહેશે.

તાલુકા કક્ષાએથી રજુ થયેલ શણગારાયેલ શૌચાલયના ફોટોગ્રાફમાંથી જિલ્લા કક્ષાએ નક્કી થયેલ સમિતિ દ્વારા સર્વશ્રેષ્ઠ સુંદર શૌચાલયની પસંદગી કરી પુરસ્કાર આપવામાં આવશે. શણગારાયેલ શૌચાલયોમાંથી જિલ્લા કક્ષાના પાંચ સર્વશ્રેષ્ઠ સુંદર શૌચાલયની પસંદગી કરી તેના ફોટોગ્રાફસ રાજય કક્ષાએ મોકલી આપવાના રહેશે. રાજય કક્ષાએથી પસંદ કરેલ સર્વશ્રેષ્ઠ સુંદર શૌચાલયો રાષ્ટ્રીય સ્તરના સમારંભમાં પુરસ્કાર અર્થે મોકલી આપવામાં આવશે.

આ હરીફાઈમાં વ્યકિતગત ઘરોમાં સૌથી સર્જનાત્મક રીતે શણગારવામાં આવેલ વ્યકિતગત શૌચાલયને રાષ્ટ્રીય સ્તરના સમારંભમાં પુરસ્કાર એનાયત કરવામાં આવશે. તેમ નિયામકશ્રી જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી દ્વારા જણાવાયું છે.

વૃધ્ધાને કુટુંબ સાથે સુમેળ કરાવતી ૧૮૧ હેલ્પલાઈન

વલસાડ

વલસાડ ૧૮૧ હેલ્પલાઈનને ફોન આવ્યો હતો કે, અમારા વિસ્તારમાં એક વૃધ્ધા સવારથી બેઠા છે. પૂછપરછ કરતા કોઈ વ્યવસ્થિત જવાબ આપતા નથી, તો આ વૃધ્ધાને હેલ્પ કરો. મેસેજ મળતાની સાથે રેસ્કયુવાન સ્થળ ઉપર પહોંચી હતી. સ્થળ ઉપર વૃધ્ધાને સાંત્વના આપી અને હકીકત જાણવા કાઉન્સેલિંગ કરવામાં આવ્યું હતું.

જાણવા મળ્યું કે, આ વૃધ્ધા વિધવા છે. તેના બે દીકરા છે. બંનેને ભણાવી ગણાવીને લગ્ન પણ કરાવ્યા અને તેમના પણ છોકરાં છે. આ વૃધ્ધા મોટા દીકરાને ત્યાં રહેતી હતી પરંતુ વૃધ્ધ હોવાને કારણે દીકરા અને વહુને ભારરૂપ લાગતી હતી. જેથી સમયસર જમવાનું પણ આપતા ન હતા. તેમજ આરોગ્યની પણ કોઈ કાળજી રાખતા ન હતા. આ વૃધ્ધા અવારનવાર બિમાર પડતા હોવાના કારણે મોટી વહુ આ વૃધ્ધાને નાના દીકરાને ત્યાં મૂકી આવી હતી.નાનો દીકરો ભાડાના મકાનમાં રહેતો હતો. નાના દીકરાને તકલીફ ન પડે તે માટે પોતાના પતિના મકાનમાં જ રહેવા જતા રહયા હતા. પરંતુ વારંવારની સ્થિતિથી તંગ આવી આ વૃધ્ધા ઘરેથી નીકળી ગઈ હતી પરંતુ રસ્તામાં તબિયત લથળતાં ત્યાંજ ફસડાઈ પડયા હતા.

૧૮૧ની ટીમે મોટા દીકરા અને વહુ સાથે ચર્ચા કરી આ વૃધ્ધાની કાળજી લેવા જણાવ્યું હતું. આ મકાન પિતાનું હોઈ તેના ઉપર આ વૃધ્ધાનો સંપૂર્ણ અધિકાર છે. અને તેજ મકાનમાં તમે રહો છો જેથી તેમની કાળજી રાખવાની જવાબદારી પણ તમારી જ છે. આ બાબત અંગેની સમજણ આપી હતી. અંતે મોટો દીકરો અને વહુ વૃધ્ધાને ઘરે લઈ જવા તૈયાર થયા હતા, અને માતાની સંભાળ રાખવા ખાત્રી આપી હતી. આમ વૃધ્ધાને કુંટુબ સાથે સુમેળ કરાવ્યો હતો.

અમદાવાદમાં ચોરી કરનાર ફરાર આરોપી અંકલેશ્વરમાં ઝડપાયો

અંકલેશ્વર

ભરૂચ એસઓજી પોલીસે અમદાવાદના વિવિધ વિસ્તારોમાં ચોરી કરનાર ઈસમને અંકલેશ્વરથી ઝડપી પાડયો છે.પ્રાપ્ત વિગતો અનુસાર ભરૂચ એસઓજી પોલીસ અંકલેશ્વર જીઆઈડીસીમાં પેટ્રોલિંગમાં હતી. ત્યારે તેમણે મૂળ રાજસ્થાનના અને હાલ અંકલેશ્વર ખાતે રાધેકિષ્ન સોસાયટીમાં રહેતા સત્યનારાયણ ગોરધનજી કુમાવતને શંકાસ્પદ હાલતમાં રોકી કડકાઈથી તેની પૂછપરછ કરી હતી. જેમાં તેણે અમદાવાદ, ઓઢવ, સરખેજ, દહેગામ, જેવા વિસ્તારોમાં ચોરી કરી હોવાની કબુલાત કરી હતી. એસઓજી પોલીસે તેની ધરપકડ કરી જીઆઈડીસી પોલીસને તેનો કબજો સોંપ્યો છે. જીઆઈડીસી પોલીસે અમદાવાદ પોલીસને તેનો કબજો સોંપવાની કાર્યવાહી હાથ ધરી છે.

CONNECTINDIANS MARKET4U
ખુશખબર... ખુશખબર... ખુશખબર...
CONNECTINDIANS એટલે કે ભારતીયોને જોડવા
MARKET4U દ્વારા પ્રસ્તુત CONNECTINDIANS ની લગ્ન, નોકરી અને જાહેરાતની વેબસાઈટ વાપરો
અને મહેનત મુજબ પાર્ટ ટાઇમ- ફુલ ટાઇમ કામ કરી અન્યોને CONNECTINDIANS સાથે જોડી કમાવાની અમૂલ્ય તક આપો
Http://www.connectindians.in
CONNECTINDIANSમાં જોડાવું સરળ છે.
(PLAN - A)
(PLAN - B)
માત્ર ૫૫૦/-માં PLAN - A
LEVEL INCOME
1st 80/-
2nd 60/-
3rd 50/-
4th 40/-
5th 30/-
માત્ર ૩૦૦૦/-માં PLAN - B
LEVEL INCOME
1st 600/-
2nd 400/-
3rd 300/-
4th 200/-
5th 100/-
6th 50/-
સમગ્ર ગુજરાતમાં ખુબ જ ઓછા મૂડી રોકાણે વહેલા તે પહેલાનાં ધોરણે માત્ર ૧૦૦ જ એજન્ટ નીમવાના હોય
તાત્કાલિક સંપર્ક કરો ધનંજય ઝવેરી 7575006847-48 શરદ જાદવ 7575006849 રવિ પટેલ 7574888860 અશેષ મોદી 7016046096
13, Pritam Nagar Society No.1, Kasak, Bharuch. Mo. +91 75750 06850
connectindians1@gmail.com

મહેસાણા ડીસ્ટ્રીક્ટ બેંક સ્કૂલ ઓફ નર્સિંગ
Approved By Govt. Gujarat INC/GNC & H.N.G.U.
લાયન્સ જનરલ હોસ્પિટલ જેલ રોડ, મહેસાણા-૨.
પ્રવેશ ચાલુ છે
ક્રમ | કોર્સનું નામ | પ્રવેશ લાયકાત
૧ | ડીપ્લોમા ઓફ નર્સિંગ (ડી.એસ.સી.નર્સિંગ) | ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ (બાયોલોજી સાથે)
૨ | જનરલ નર્સિંગ એન્ડ મીડવાઈફરી (જી.એન.એમ.) | ધોરણ-૧૨ કોઈપણ પ્રવાહ (અંગ્રેજી સાથે)
૩ | ઓકઝીલરી નર્સ એન્ડ મીડવાઈફરી (એ.એન.એમ.) | ધોરણ-૧૨ કોઈપણ પ્રવાહ
-: સંસ્થામાં પ્રવેશ લેવાના ફાયદા :-
સંપર્ક નંબર :-9106386311, 7016282970, 9925072904, 9825798802

શ્રી નર્મદા જયંતિ મહોત્સવ નિમિત્તે ભાલોદ ગામે
આહ થી વાહ સુધી તેમજ મનોરંજન થી મનોમંથન સુધીનો
આજના વર્તમાન સમયમાં મા-બાપ અને સંતાનો, સાસુ અને વહુના હૃદય પરીવર્તન કરતો કાર્યક્રમ એટલે.....
માં-બાપને ભૂલશો નહી
કલાકાર
શ્રી અશ્વિનભાઈ ભાઈશંકરભાઈ જોશી
આમંત્રીત મહેમાન :- શ્રી લક્ષ્મણબાપુ બારોટ
તા-૧૨/૨/૨૦૧૯ મંગળવાર સમય:- રાત્રે ૯-૦૦ કલાકે
-: સ્થળ :- શ્રી ગાયત્રી મંદિર ભાલોદ
-: આયોજક :- સમસ્ત ભાલોદ ગામજનો ભાલોદ

અમારા આંગણે ઉજવો હર્ષભર્યો અવસર "સ્વર્ણિમ ગુજરાત"
ઠંડા ઠંડા કૂલ કૂલ
Wahooo!
વડોદરામાં વન ડે..
આજવા વૉટરપાર્ક એન્ડ ફનવર્લ્ડ
AJWA - NIMETA ROAD, BARODA.
PH.0265-2434864 (M) 9824232382
સીટી ઓફિસ : ટાવર 'A', કુંજ પ્લાઝા, રાજમહેલ રોડ, વડોદરા.
પ્રકૃતિના સાનીધ્યે રહેવાની મજા આજવા ગ્રીન રીસોર્ટ AC/NON AC ROOMS
તદ્દન નવી રાઈડ્સ સાથે કાર્ટરૂડની મજા
XTREME FUN
ફૂલ ડે.. પિકનીક ડે

નર્મદા અને ડેડીયાપાડા બાર એસોસિએશને ન્યાયાલયોમાં મદદનીશ સરકારી વકીલોની ભરતી કરવા રજુઆત કરી



રાજપીપળા:નર્મદા જિલ્લામાં સરકારી વકીલની પરીક્ષામાં પાસ થયેલ ઉમેદવારોએ નર્મદા જિલ્લા બાર એસોસિએશન પ્રમુખ વંદના ભટ્ટ અને ડેડીયાપાડા બાર એસોસિએશન પ્રમુખ હિતેશ દરજીની આગેવાનીમાં સરકારી વકીલની પરીક્ષામાં પાસ થયેલ છેલ્લા અઢી વર્ષથી નિમણુંકની રાહ જોતા ૫૪૩ ઉમેદવારોની સરકારી વકીલ તરીકે નિમણુંક કરવા જિલ્લા કલેકટરને લેખિત રજુઆત કરી હતી.

પોતાની રજુઆતમાં જણાવ્યું હતું કે છેલ્લા ઘણા સમયથી નર્મદા જિલ્લામાં હાલ ફક્ત ૨ જ સરકારી મદદનીશ વકીલો છે.જેના કારણે સામાન્ય પ્રજાને ન્યાય મેળવવામાં ઘણી તકલીફ પડે છે,ન્યાઈક કાર્યવાહી પણ વિલંબમાં મુકાય છે. કાયદાની જોગવાઈ મુજબ દરેક તાલુકાની ક્રિમિનલ કોર્ટમાં ૧-૧ મદદનીશ સરકારી વકીલ હોવા ફરજીયાત છે.બે સરકારી વકીલો પૈકી એક ડેડીયાપાડા અને સાગબારા કોર્ટમાં ૨-૨ દિવસ અને એક દિવસ રાજપીપળા કોર્ટમાં તો તિલકવાડા કોર્ટમાં ૧ દિવસ રહે છે.ગરૂડેશ્વર તાલુકાની કોર્ટમાં એક પણ મદદનીશ સરકારી વકીલની નિમણુંક કરાઈ નથી.

અમે GPSC મારફતે વર્ષ ૨૦૧૩-૧૪માં મદદનીશ સરકારી વકીલની લેખિત-મૌખિક પરીક્ષા પાસ કરી હતી,૪/૭/૨૦૧૬ના રોજ આવેલ પરિણામમાં કુલ ૫૪૩ ઉમેદવારોએ પરીક્ષા પાસ કરી હતી એમા નર્મદા જિલ્લાના ૧૦ ઉમેદવારોનો સમાવેશ થાય છે.ત્યારબાદ નામદાર ગુજરાત હાઈકોર્ટમાં અલગ-અલગ મુદ્દાઓ પર રિટ થતા આ ભરતી પ્રક્રિયામાં વિલંબ થયો હતો પણ હાલ નામદાર હાઈકોર્ટમાં કે અન્ય કોઈ પણ કોર્ટમાં મદદનીશ સરકારી વકીલોની નિમણુંક અંગેની તકરાર પેન્ડિંગ નથી.તેમજ ભરતી કરવા માટે કોઈ પણ અંતરાય કે મનાઈ હુકમ પણ નથી. નર્મદા જિલ્લાના રાજપીપળામાં ૪, ડેડીયાપાડામાં ૧, સાગબારા-તિલકવાડા અને ગરૂડેશ્વરમાં ૧-૧ ક્રિમિનલ કોર્ટ કાર્યરત છે. આવી પરિસ્થિતિઓને ધ્યાને લઈ મદદનીશ સરકારી વકીલોની સત્વરે ભરતી કરવામાં આવે એવી અમારી માંગ છે.

વાલિયાની વાત્સલ વિધાલય સ્કૂલ ખાતે નિબંધ સ્પર્ધા યોજાઈ



વાલિયા યુવા ભાજપ દ્વારા વાલિયા ગામમાં આવેલ વાત્સલ વિધાલય સ્કૂલ ખાતે નરેન્દ્ર મોદી નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શાળાના વિદ્યાર્થીઓએ ઉત્સાહ ભેર ભાગ લઈ પોતાના વિચારોમાં નિબંધ રજુ કર્યા હતા. સ્પર્ધામાં વિજેતા વિદ્યાર્થી કિંજલ મહેન્દ્રસિંહ સિંધા, ઝીલ જયદિપસિંહ નરોલીયા, કૃપલ જીતેન્દ્રસિંહ બોરધરાને ઈનામ આપી પ્રોત્સાહિત કરાયા હતા. સદર સ્પર્ધામાં ભાજપના માજી જિલ્લા પ્રમુખ બળવતસિંહ ગોહિલ, જિલ્લા યુવા મંત્રી પૃથ્વીરાજસિંહ ગોહિલ અને યુવા ભાજપ પ્રમુખ કિરણકુમાર વસાવા તમેજ યુવા ભાજપ મહામંત્રી પ્રદીપસિંહ ભરથણીયા તેમજ શાળા પરિવાર ઉપસ્થિત રહ્યો હતો.

પ્રોહીબિશનના ગુનાઓમાં પોલીસ ધરપકડથી નાસતો ફરતો આરોપીને ઝડપી પાડતી પેરોલ ફર્લો સ્કોડ ભરૂચ



ભરૂચ જીલ્લા પોલીસ અધિક્ષક રાજેન્દ્રસિંહ ચુડાસમાનાઓના માર્ગદર્શન હેઠળ પો.સ.ઈ. એ.એસ. ચૌહાણનાઓની સુચના અનુસંધાને ભરૂચ જીલ્લામાં નાસતા ફરતા આરોપીઓ અનુસંધાને પકડવાના બાકી આરોપીઓ શોધી કાઢવા જણાવેલ જેથી પેરોલ સ્કોડ ભરૂચ સ્ટાફના માણસો સાથે આવા પકડવાના બાકી આરોપીઓને શોધી કાઢવા ભરૂચ

સી"ડીવી પો.સ્ટે વિસ્તારમાં પેટ્રોલીગમાં હતા દરમ્યાન સી ડીવી પો.સ્ટે. ગુરનં. ૩૫૩/૨૦૧૮ પ્રોહી ક. ૬૫ એ ઇ ૯૮ (૨) મુજબના ગુનાઓમાં પકડવાનો બાકી આરોપી કિશનભાઈ અશોકભાઈ ચુડાસમા ઉ.વ.આ ૩૦ રહે વેજલપુર પારસીવાડ મહેશ ખમણની સામે ભરૂચ જી.ભરૂચ નાને ભરૂચ વેજલપુર વિસ્તારમાંથી તા. ૧૭/૦૧/૧૯ ના રોજ અટક કરી સી ડીવી પો.સ્ટે.માં આગળની કાર્યવાહી કરવા સુપ્રત કરવામાં આવેલ છે.

ભરૂચમાં જીલ્લાની સહકારી મંડળીઓના મેનેજર અને સેક્રેટરીઓની મહિનાની તાલીમનો શુભારંભ



ભરૂચ જીલ્લા સહકારી સંઘ ધ્વારા ભરૂચ ડીસ્ટ્રીકટ કો.ઓપ. બેંક ખાતે જીલ્લાની સહકારી મંડળીઓના મેનેજર અને સેક્રેટરી માટે એક મહિના માટે આયોજિત તાલીમનો શુભારંભ ગુરૂવારના રોજ કરવામાં આવ્યો હતો.

તાલીમ વર્ગના શુભારંભમાં ગુજરાત રાજ્ય સહકારી સંઘના સી.ઈ.ઓ. ડો. રાજેન્દ્ર ત્રિવેદી, ભરૂચ જીલ્લા સહકારી સંઘના પ્રમુખ ભરત પટેલ,ભરૂચ ડીસ્ટ્રીકટ બેન્કના એમ.ડી. રજનીકાંત રાવલ, માનદ મંત્રી ભુપેન્દ્રસિંહ રાઠોડ, વર્ગ સંચાલક ચાવડા તથા રેશ્મા પટેલ સહીત જીલ્લાની વિવિધ સહકારી મંડળીઓના મેનેજર તથા સેક્રેટરીઓ ઉપસ્થિત રહ્યા હતા.

શુભારંભ સમારોહમાં રાજ્ય સહકારી સંઘના સી.ઈ.ઓ. ડો. રાજેન્દ્ર ત્રિવેદીએ પેટા કાયદાને સહકારી મંડળીની ગીતા ગણાવી તેમાંથી જ સમસ્યાઓનું સમાધાન થતું હોવાનું જણાવી ઉમેર્યું હતું કે રજીસ્ટ્રાર મંડળીને જન્મ આપે છે, પરંતુ મંડળીને શિક્ષણ આપવાનું કામ સહકારી સંઘનું છે. ડીસ્ટ્રીકટ બેન્કના એમ.ડી. રજનીકાંત રાવલે પણ જણાવ્યું હતું કે શિક્ષણ જ્ઞાનમાં વધારો કરે છે, પણ તાલીમ વ્યક્તિની આવડતમાં વધારો કરે છે. અને તાલીમ મેળવેલ સેક્રેટરી મંડળીના ઓડીટ માટે મહત્વનો છે. જ્યારે ભરૂચ જીલ્લા સહકારી સંઘના પ્રમુખ ભરત પટેલે પણ મંડળીમાં તાલીમ બદ્ધ સેક્રેટરીનું સ્થાન મહત્વનું હોવાનું જણાવી તાલીમાર્થીઓને તેમની મંડળીના હિત માં ૨૮ દિવસની નિયમિત તાલીમ લેવા માટે અપીલ કરી હતી.

ગણતરીની કલાકોમાં ચોરીનો ભેદ ઉકેલી મુદ્દામાલ સહિત આરોપીઓ ઝડપી લેતી રાજપારડી પોલીસ



ભરૂચ જીલ્લા પોલીસ અધિક્ષક રાજેન્દ્રસિંહ ચુડાસમાનાઓ તરફથી મિલ્કત સંબધી ચોરીના ગુના અટકાવવા તેમજ બનેલ ગુનાના નિવારણ કરવા સારૂ સુચના કરતા અંકલેશ્વર ડીવીઝન નાયબ પોલીસ અધિક્ષક લખધીરસિંહ ઝાલા નાઓએ જરૂરી માર્ગદર્શન આપતા રાજપારડી પો.સ.ઈન્સ જે.બી.જાદવ નાઓએ રાજપારડી પો.સ્ટે ફસ્ટ ગુ.ર..નં- ૩/૨૦૧૯ ઈ.પી.કો. કલમ ૩૭૯ મુજબના કામના ફરિયાદી શ્રી મયુરભાઈ હરસુખભાઈ જાતે-બાંભળીયા હાલ રહે.રાજપારડી ચંદ્રકાંત એન્કલવ એપાર્ટમેન્ટ તા-ઝઘડીયા જી-ભરૂચ મુળ રહે, ૧૧૬/૧૧૭ આવકાર એપાર્ટમેન્ટ ફ્લેટનં-૩૦૧ ડાહ્યા પાર્ક સોસાયટી લંબે હનુમાન રોડ સુરત નાઓની તા.૧૬/૦૧/૨૦૧૯ ની ફરીયાદમાં જણાવ્યા મુજબ ૧૦હા. કંપનીનું રાજપારડી સારસા ગામની સિમમાં પાઈપ લાઈન નાખવાનું કામ ચાલતુ હોય જે જગ્યાએ રાખેલ મશીનરીમાં પાઈપનુ દબાણ ચેક કરવાનુ હાઈડ્રોલીક પ્રેસર પંપ કી.રૂ ૧,૦૦,૦૦૦/-તથા વોટર ફીલીંગ પંપ કી.રૂ ૧૫,૦૦૦/- મળી કુલ કી.રૂ ૧,૧૫,૦૦૦/- ની મુદ્દામાલ ચોરી કરી ગુનો કરેલ હોય જે ગુનાની તપાસમાં મળેલ બાતમી હકિકત આધારે રાજપારડી પોલીસ સ્ટેશન પો.સ.ઈ જે.બી.જાદવ તેમજ સ્ટાફના અ.પો.કો રાજેન્દ્રભાઈ ,પો.કો દિલીપ અરવિદભાઈ, પો.કો પરેશભાઈ ,પો.કો શ્રવણભાઈ ,પો.કો ચંપકભાઈ નાઓના સંયુકત પ્રયાસોથી સદર ચોરીનો ગુન્હો શોધી કાઢી યોરીએ ગયેલ મુદ્દામાલ પાઈપનું દબાણ ચેક કરવાનુ હાઈડ્રોલીક પ્રેસર પંપ નંગ-૧ તથા વોટર ફીલીગ પંપ નંગ-૦૧ મળી કુલ કી.રૂ ૧,૧૫,૦૦૦/-નો મુદ્દામાલ કબ્જે કરી તેમજ સદર ચોરીનો મુદ્દામાલ યોરી કરનાર આરોપીઓ (૧)કમલેશભાઈ ઉર્ફે જીગો કિરણભાઈ કિલાભાઈ વસાવા ઉ.વ-૨૫ રહે.રાજપારડી વેશાલીનગર સોસાયટી તા.ઝઘડીયા જી.ભરૂચ (૨) અમિતભાઈ સુરેશભાઈ વસાવા ઉ.વ-૨૨ રહે.રાજપારડી કાલ્યાપરા ફળીયુ તા.ઝઘડીયા જી.ભરૂચ નાઓને આજ રોજ તા.૧૭/૦૧/૨૦૧૮ નાં કલાક ૧૬/૦૦ વાગે પકડી અટક કરી વધુ તપાસ અર્થે રીમાંડ મેળવવા કાર્યવાહિ કરેલ છે. વધુમા આ કામે સહ આરોપી નં-(૧) રણછોડભાઈ ભીખાભાઈ વસાવા રહે, ખોડાઆંબા તા.ઝઘડીયા જી.ભરૂચ (૨) દિલીપભાઈ બાબુભાઈ વસાવા રહે,રાજપારડી કાલ્યાપરા ફળીયુ તા,ઝઘડીયાનાઓ નાસતો ફરતો હોય જેને પકડવા માટે ચકો ગતિમાન કરેલ છે.

ભરૂચમાં મકાન માલિકે ભાડુઆતનું મકાન ખાલી કરવાની રિષ રાખીને મકાન માલીકનું ઘર સળગાવ્યું



મકાન માલીકની ઘર વખરી સહિતનો ૮ લાખ ઉપરાંતનો સમાન બળીને ખાખ

ભરૂચ શહેરના જીએનએફસી રોડ પર આવેલા આનંદ એપાર્ટમેન્ટના એક ફલેટમાં મિલકત સબંધી ઝઘડામાં બુધવારની રાત્રિના સમયે ફ્લેટમાં દારૂ પીધેલી હાલતમાં મહિલાઓએ પ્રવેશીને આગ લગાડતા એપાર્ટમેન્ટમાં દોડ ધામ મચી જવા પામી હતી. પોલીસે આગ લગાડનાર મહિલાની ધરપકડ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

ઘટનાની મળતી જાણકારી અનુસાર ભરૂચ શહેરના જીએનએફસી રોડ પર આનંદ એપાર્ટમેન્ટમાં સંજય પટેલ તેમના પરિવાર સાથે રહે છે. તથા તેમના પ્રીતમ નગર ખાતે આવેલા મકાનમાં ભાડુઆત તરીકે રહેતા ભવાની તથા તેની પત્ની જ્યોતિ મકાન પર કબ્જો કરીને બેઠાં હતાં.અને અવારનવાર કહેવા છતાં પણ ખાલી નહી કરતાં મકાનની બેંકની લોન બાકી હોવાથી બેંક દ્વારા મકાનને શીલ કરીને તમને મકાન ખાલી કરાવ્યું હતું.ત્યાર બાદ માલિકે બાકી રૂપિયા ભરીને મકાનનો કબ્જો મેળવી લીધો હતો.

દંપત્તીએ પોતાને મકાન ખાલી કરાવ્યાની રીશ રાખી દારૂના નશામાં ચૂર બનીને ફ્લેટમાં ઘુસી જઈને સંજય પટેલ તે સમયે ઘરમાં એકલા હોઈ તેમની સાથે ઝપાઝપી કરી હતી.સંજય પટેલ મહિલા હોવાથી પોતાના પુત્રને લઈને ઘરની બહાર નીકળી પોલીસ મથકે ફરિયાદ નોંધવા ગયા હતાં. તે સમય દરમિયાન જ્યોતિ દ્વારા ઘરમાં આગ ચાંપી દઈને બહાર નીકળી આવી હતી.

આગની જાણ તથાજ એપાર્ટમેન્ટના રહીશોએ સંજય પટેલને ફોનથી કરતા તેવો દોડી અવતાં ફ્લેટમાં આગની જવાળા ઓ ભભૂકી ઉઠતાં અંદર જવાય એવો કોઈ વિકલ્પ ના હતો. આગની જાણ થતાંજ જીએનએફસી તથા નગરપાલિકાના ફાયર ફાયટરો ઘટના સ્થળ પર પહોંચી ભારે જહેમત બાદ આગ પર કાબુ મેળવ્યો હતો.

જો કે આગની ઘટના અંગે ફ્લેટ માલિકે પોલીસને જાણ કરતાં પોલીસે આગ લગાડનાર જ્યોતિની અટકાયત કરીને તેના વિરૂદ્ધ ગુનો નોંધીને તેના પતિ ભવાનીને પકડવાની તજવીજ હાથ ધરી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે,લગાવેલ આગમાં મકાન માલીક સંજય પટેલનો ઘર વખરી સહિતનો લાખોનો સમાન બળીને ખાખ થઈ જવા પામ્યો હતો.





તિલકવાડાના રેંગણ ગામે એક શ્રમજીવીનું ઠંડીને કારણે મોત : નર્મદામાં ઠંડીથી મોતનો આંકડો ૨ પર પહોંચ્યો

નર્મદામાં ઠંડી અને હીમને કારણે જન જીવન પર ભારે અસર : ૯ થી ૧૧ ડિગ્રી વચ્ચે તાપમાનમાં પરિક્રમાવાસીઓ અને ભિક્ષુકોને ભારે હાડમારી

રાજપીપળા : નમદા જીલ્લામાં બે દિવસથી ફરી ઠંડીએ જોર પકડ્યું છે, રાત્રે ઝાકળ પણ ખુબ પડે છે. હિમને કારણે ખેડૂતો ની હાલત ગંભીર બની છે ત્યારે શ્રમજીવી, ભિક્ષુકો અને પરિક્રમાવાસીઓને ખુબ મુશ્કેલી પડી રહી છે, અગાઉ ગત સમાહના ોલ્ડેસ્ટ ડે રહ્યો અને તાપમાનનો પારો ૯ ડીગ્રી નીચે ગગડતા લોકો ઠંડીથી ઠુંઠવાયા હતા ત્યારે રાજપીપળા ખાતે એક ભિક્ષુક ઠંડીને કારણે મોતને ભેટ્યો હતો. જયારે આજે બીજો કિસ્સો તિલકવાડાના રેંગણ (જુનુ) ગામ નિશાળ પાસે રોડ એક શ્રમજીવી મજુર દિનેશ ઉર્ફે ભુરો જેનું કોઈ આગળ પાછળ નથી તેનું રાત્રીના અકાળે મોત નીપજયું, અંદાજિત ૫૦ વર્ષના દિનેશભાઈને કોઈ રોગ ન હતો પણ ખુલ્લામાં ઠંડીમાં ગમે તે ઓટલે સુઈ રહેતો હતો. જેથી ઠંડીને કારણે તેનું મોત નીપજ્યું હતું આમ નર્મદા જિલ્લામાં ઠંડીને કારણે અત્યાર સુધી બે મોત આ સીઝનમાં થયા આ બાબતે ગ્રામજનો એ પોલીસને જાણ કરતા પોલીસે આકસ્મિક મોતનો ગુનો નોંધ્યો અને જેની અંતિમ ક્રિયા ગ્રામજનોએ કરી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે રાજપીપળા સહીત નર્મદા જીલ્લામાં સમગ્ર વિસ્તારમાં ઠંડીની લહેર પ્રસરી છે નર્મદાજિલ્લાનું તાપમાન ૧૦ ડિગ્રી હતું અને ૧.૫૨ કિમિ ની ઝડપે પવન ફુંકાતા કડકડતી ઠંડી પડી રહી છે સવારે ધુમ્મસ અને ઝાકળ સાથે હિમ પણ પડે છે જેનાથી જન જીવન પર અસર જોવા મળી રહી છે. ત્યારે હજુ હવામાન વિભાગ ઠંડી પડશેનું જણાવી રહયા છે ત્યારે નર્મદામાં ઠંડીને કારણે બેના મોત થી આ ઠંડી કાતિલ બની છે એમ કહી શકાય.

વાલિયામાં સીએનજી ઈકો કારમાં આગ



વાલિયામાં સીએનજી ઈકો કારમાં આગ લાગતાં કાર આગમાં સંપૂર્ણ બળીને ગઈ હતી.જોકે સદનસીબે કોઈ જાનહાની થવા પામી નથી.

મળતી માહિતી અનુસાર ઈકો કારનો ચાલક અંકલેશ્વર ખાતે પોતાના કામ અર્થે ગયો હતો. તે દરમિયાન કામ પૂરું કરી પરત ફરી રહ્યા હતા.ત્યારે વાલિયા તાલુકાના રાજપરા અને રૂંઢા ગામની વચ્ચે કારમાં અચાનક આગ લાગતા જોત જોતમાં આગે વિકારણ સ્વરૂપ ધારણ કર્યું હતું.

રાહદારીઓએ ઝઘડિયા જી.આઈ.ડી.સી ના ફાયર વિભાગમાં આ ઘટનાની જાણ કરતા ફાયરફાયટારો ઘટના સ્થળ પર દોડી આવી આગ ઉપર કાબુ મેળવ્યો હતો. સદ્ નસીબે કારમાં સવાર કાવચિયા ગામના કાર ચાલક અને અન્ય એક વ્યક્તિ સમય સુચકતા વાપરી કારમાંથી ઉતરી પડતા તેઓનો આબાદ બચાવ થયો હતો.સદર આગની ઘટનામાં કોઈને જાનહાની નહિ થતા સૌ કોઈએ રાહતનો શ્વાસ લીધો હતો. આગ શોર્ટ સર્કિટને પગલે લાગી હોવાનું જાણવા મળ્યું હતું.

તા. ૨૦મીએ ભારતના ઉપરાષ્ટ્રપતિ વેંકૈયા નાયડુ સ્ટેચ્યુ ઓફ યુનિટીની મુલાકાત લેશે

રાજપીપળા : ભારતના ઉપરાષ્ટ્રપતિ વેંકૈયા નાયડુ તા.૨૦ મી જાન્યુઆરી, ૨૦૧૯ ને રવિવારના રોજ સવારે ૯-૨૫ કલાકે હેલીકોપ્ટર દ્વારા નર્મદા જિલ્લાના કેવડીયા કોલોનીના હેલીપેડ ખાતે આવી પહોંચશે. ત્યારબાદ તેઓ સ્ટેચ્યુ ઓફ યુનિટીની મુલાકાત લઇ સવારે ૧૦-૪૫ કલાકે હેલીકોપ્ટર દ્વારા ગાંધીનગર જવા રવાના થશે.

દેવધગામની ગંગોત્રી સોસાયટીના પ્લોટ પર ગેકાયદે કબજો કરાયો

પ્લોટ માલિકોની બોગસ સહીથી નકલી કબજા રસીદ બનાવી પ્લોટમાં ઘૂસણખોરી

સુરત

દેવધ ગામમાં આવેલ ગંગોત્રી સોસાયટીના છ પ્લોટના બોગસ કબજા રસીદો બનાવી ખરા તરીકે દેવધ ગામ પંચાયતમાં રજૂ કરી કબજો જમાવી દેનાર સામે લીંબાયત પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ હતી.

લીંબાયત પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ પરવત પાટિયા નંદનવન સોસાયટીમાં રહેતા શ્યામાનંદ અમરનાથ ઠાકુરે આરોપી જયોતિપ્રસાદ શિવપૂજન શાહ (રહે. માનસરોવર સોસાયટી, ગોડાદરા) વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદમાં જણાવ્યા મુજબ દેવધ ગામ ગંગોત્રી સોસાયટીના છ પ્લોટના માલિક જયંતભાઈ કાળા, કિરણ શિવશંકર, અનિરુધ્ધસિંહ ગોહિલ, રવિન્દ્ર પાટીલના નામની બોગસ સહી કરી આરોપીએબોગસ કબજા રસીદ બનાવી કબજો જમાવી દીધો હતો. અને બાંકામ શરૂ કરી દીધું હતું. આરોપીએ પ્લોટો ઉપર આવશો તો જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. લીંબાયત પોલીસે ફરિયાદ નોંધી પો.ઈ. પી.એમ. મકવાણાએ તપાસ હાથ ધરી છે.

બાબરખડકથી કાંતિભાઈ ગુમ થયા છે વલસાડ

વલસાડ જિલ્લાના કપરાડા તાલુકાના બાબરખડક, ડુંગરી ફળિયામાં રહેતો કાંતિભાઇ રૂસ્તમભાઇ પાટેલ તા.૧૫/૦૯/૨૦૧૮ના રોજ સવારે ૮-૦૦ વાગ્યાની આસપાસ ઘરેથી કંઇ પણ કહયા વગર કયાંક ચાલી ગયેલ છે. તેની તપાસ કરતાં હજુ સુધી મળી આવ્યા નથી. ગુમ થનારની ઉંમર ૨૬ વર્ષ, ઊંચાઇ ૬.૨ ફૂટ, રંગે ઘઉંવર્ણ, પાતળો બાંધો છે. મોઢું લંબગોળ, શરીરે ભુરા કલરનું લાંબી બાયનું શર્ટ, તથા કમ્મરે કાળા કલરનો જીન્સ પેન્ટ અને ડાબા પગના ઢાંગમાં દાઝેલાનું નિશાન છે. જે ગુજરાતી તથા હિન્દી ભાષા જાણે છે.

કેવડિયા ગામ નજીક જ્યાં હરિયાણા ભવન બનવાનું છે ત્યાં બેસી ગ્રામજનોએ ભજન કરી વિરોધ કર્યો



રાજપીપળા : કેવડિયા કોલોનીમાં દુનિયાની સૌથી ઊંચી પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટી બની ગયું છે જેના કારણે સરકાર હવે કેવડિયામાં દેશના ૩૩ રાજ્યોના ભવનો અહીંયા બનાવવાનું આયોજન કર્યું છે અને દરેક રાજ્યોના અધિકારીઓ પણ અહીંયા જમીનો જોવા આવી રહ્યા છે,જેના કારણે સરકારી વિભાગો દ્વારા જમીન માપણીઓનું કામ કરવાંમાં આવી રહ્યું છે. જેનો ગામ લોકો ઉગ્ર વિરોધ કરી અને સતત છેલ્લા અઠવાડિયાથી વિરોધ ચાલી રહ્યો છે ત્યારે અત્યાર સુધી ગ્રામજનોએ ૪ વાર જમીન માપણી સર્વેળા અધિરીઓને ધક્કે ચઢાવી ભગાડ્યા છે ત્યારે હાલ જે જગ્યાએ કેવડિયા ગામની જમીન પર હરિયાણા ભવન

૩૩ રાજ્યોના ભવનો માટે જમીન માપણી માટે સર્વે ટીમોને ચાર વખત હાંકી કાઢ્યા બાદ હવે ગ્રામજનોએ આંદોલનનું બીડું ઝડપ્યું

બનવાનું છે ત્યાં આદિવાસીઓ બેસી જઈ ભજન કીર્તન કરી સરકારને સદબુદ્ધિ આપો ભગવાન ના નારા લગાવી રહ્યા છે ત્યારે આ જમીન સંપાદન અંગેનો મામલો દિવસે દિવસે ગંભીર બનતો જાય છે. ગ્રામજનો હવે જે જમીન બચી છે તે કોઈને આપવા તૈયાર નથી માટે હવે સરકાર કોરડો વીઝી લઈ લેવા માંગે છે જેથી અધિકારીઓ અને ગ્રામજનો વચ્ચે ઘર્ષણ ઉભું થાય છે.

કેવડિયા ગામના હજારો લોકોને બે ઘર કરી સરકાર વિવિધ રાજયોના ભવનો બનાવે છે. સરકારે તો માનવતા મૂકી દીધી છે ત્યારે નર્મદા ડેમ અને હવે સ્ટેચ્યુ ઓફ યુનિટી સરકાર સાથે ઘર્ષણમાં આજે છ ગામના લોકોની ત્રીજી પેઢી આવી ગઈ છે છતાં હજુ ઘર્ષણ જ કરે છે પણ સરકાર કોઈ વળતર આપતી નથી ત્યારે હાલ ગામના આગેવાનો નરેશ તડવી, વિક્રમ તડવી, નરેન્દ્ર તડવી, શૈલેષ તડવી, સહીત ડો.પ્રફુલ વસાવા અને અન્ય આદિવાસી આગેવાનો પણ જોડાયા અને આ ત્રણ પેઢી થી લડતા ગ્રામજનો સાથે રહી સરકાર સામે તેમની જમીનો પાછી મેળવવા ઝઝૂમી રહ્યા છે. આજે કેવડિયા ગામ ખાતે ભેગા થઈ એક થઈ સરકાર વિરુદ્ધ ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલનની શરૂઆત કરી અને દેખાવો કર્યા હતા.

સરકાર પાસે જમીન સંપાદનના કોઈ પુરાવા નથી જો હોય તો બતાવે : ગ્રામજનો એ મુખ્યમંત્રી પાસે વાતચીતનો સમય માંગ્યો

ગુજરાત સરકાર દ્વારા સોશીયલ મિડિયા એટલે કે (વોટ્સએપ, ફેસબુક) માટે જાહેર સુચના

વોટ્સએપ ગ્રુપ એડમીને પોતાના ગ્રુપમાં કોઈ સોગંધ વાળા મેલેજ, અસ્લીલ વિડીયો કે ફોટા મોકલનાર વ્યક્તિને ૧ વર્ષની કેદ અને પાંચ હજાર દંડ લેવામાં આવશે. તેના નામે જે નંબર ચાલુ હશે તે બંધ કરી દેવામાં આવશે. અને ગ્રુપ એડમીનને ૨ વર્ષની કેદ અને ૫૦૦૦ દંડ. કોઈપણ પ્રકારની કમ્પલેન માટે પોતાના નજીકના પોલીસ સ્ટેશને જઈ કમ્પ્લેન લખાવવી.











